Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૧૦ • તા. ૦૬ માર્ચ ૨૦૧૭ થી ૧૨ માર્ચ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી આયોજીત પ્રથમ વિદેશ પ્રવાસ (દુબઈ)ની તસ્વીરો


















।। શ્રી અનંતનાથ દાદાય નમઃ ।।

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ



પુણ્ય નગરી મુંબઈ મહાનગરે, અંનતછાયા (ઘાટકોપર) શુભ સ્થળે
શ્રી અનંતનાથ દાદાના દેરાસરજીનાં

# અંજનશલાકા, પ્રતિષ્ઠા અને પુન:પ્રતિષ્ઠા
# અષ્ટાન્હિકા મહોત્સવ પ્રસંગે

સોમવાર, તા. ૧૦.૦૪.૨૦૧૭,
રવિવાર ૧૬.૦૪.૨૦૧૭ થી
શનિવાર, તા. ૨૨.૦૪.૨૦૧૭
ના પાવન દિવસે

## આગોતરૂ નિમંત્રણ પત્ર

# દાતાઓ આવકાર્ય

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો -ટ્રસ્ટી ગણ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ, શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ, તમામ અધિકારી ગણ અને કાર્યકર્તાશ્રીઓના સબહુમાન પૂર્વક જય જિનેન્દ્ર વાંચશોજી.

દેવગુરૂ અને શાસનદેવની અનંત કૃપાથી આપણી જ્ઞાતિની સંસ્થા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ અને જ્ઞાતિની સહયોગી સંસ્થા દ્વારા અનંતછાયા (ઘાટકોપર) શુભ સ્થાને, અનંત ઉપકારી શ્રી અનંતનાથજી દાદાના ભવ્ય જિનાલયે પ્રભુજીની અંજનશલાકા, પ્રતિષ્ઠા અને પુન:પ્રતિષ્ઠાએ તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના વરદ હસ્તે તથા પાંચ સૂરિ ભગવંતોની શુભ નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ શુભ અવસરે અમારા મન મંદિરમાં હર્ષ સમાતો નથી અમારૂ હૈયું આનંદથી પુલકીત બની રહ્યું છે, ઘર-ઘર હર્ષોલ્લાસના તોરણો બંધાયા છે. શ્રી અનંતનાથ દાદાનું શિલ્પકળા સુશોભિત સોળે કળાએ શોભતું જિનાલયનું નવનિર્માણ થયુ છે. જેમાં મુળનાયક શ્રી અનંતનાથ દાદાની પુન:પ્રતિષ્ઠા કરાવવાની ભાવનાઓની ઉર્મિઓને લઇને એ પુનિત પળ આંગણે આવીને ઉભી છે. અમારા હર્ષની અનુભૂતિ અમારા અંતરની ભાવનાઓ આજે સાકાર થઇ રહી છે.

આ અપૂર્વ અવસરે દિવ્ય ભાવથી આત્માને પાવન બનાવવા તેમજ આ પ્રસંગના સાક્ષી બનવા તેમજ માનસપટલ પર સદાય સ્મૃતિ ચિરંજીવ રહે તે સ્વરૂપે અમે પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે એક વિશિષ્ટ યોજના **લાખેણા દાતાશ્રી અને સુવર્ણ દાતાશ્રી** યોજના આપની સમક્ષ રજૂ કરીએ છીએ. તેમજ **નવકારશી, બપોરની સાધર્મિક ભક્તિ, ચૌવિહાર કે સંપૂર્ણ દિવસ**નો લાભ જેમાં આપશ્રી હર્ષભેર - ઉત્સાહથી લાભ લેશોજી. નોંધાવેલ નામોને સમગ્ર અષ્ટાન્હિકા મહોત્સવ દરમ્યાન બેનર પર રાખવામાં આવશે, પ્રકાશ સમિક્ષામાં પણ તેની જાહેરાત કરવામાં આવશે વહેલી તકે જો નામ મળી જાયતો આમંત્રણ પત્રિકામાં તેનો સમાવેશ થઇ શકે. વધુ માહિતી માટે અવશ્ય સંપર્ક કરશોજી.

**પ્રતિષ્ઠા - અષ્ટાન્હિકા મહોત્સવ**
**લાખેણા દાતાશ્રી**
**રૂા. ૧,૦૦,૦૦૦/-**

**પ્રતિષ્ઠા - અષ્ટાન્હિકા મહોત્સવ**
**સુવર્ણ દાતાશ્રી**
**રૂા. ૫૧,૦૦૦/-**

લિ. આપના વિનમ્ર

શ્રી કલ્પેશ માણેકજી મોતા (પ્રમુખ-મુંબઇ મહાજન) | શ્રી જયંત ભવાનજી સોની (ચેરમેન-પ્રતિષ્ઠા મહોત્સવ)

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ | શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ

### પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ સંપર્ક સભ્યો

| | | | | |
|---|---|---|---|---|
| શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા<br>મો. ૯૮૨૧૦૬૯૨૯૯ | શ્રી લેરીન વર્ધમાન ખોના<br>મો. ૯૮૨૦૧૯૩૩૩૯ | સૌ.માલતીબેન હરીશ ઘરમશી<br>મો. ૯૮૬૯૨૮૯૩૪૫ | શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા<br>મો. ૯૩૨૪૦૫૮૪૧૪ | શ્રી ચીમનલાલ હીરજી ખોના<br>મો. ૯૮૨૧૦૬૯૨૫૫ |
| શ્રી હેમરાજ મેઘજી ગોસર<br>મો. ૯૮૩૩૧૨૦૬૭૪ | શ્રી બીપીન પાશ્વીર નાગડા<br>મો. ૯૩૨૩૫૨૫૦૦૦ | તથા<br>પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિના<br>સર્વે સભ્યો | શ્રી ઉપેન્દ્ર કાંતિલાલ ગોસર<br>મો. ૯૩૨૩૧૯૯૩૩૫ | શ્રી કમલેશ મુલચંદ સોની<br>મો. ૯૮૩૩૩૦૮૯૩૩ |

।। શ્રી અનંતનાથ દાદાય નમઃ ।।

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ



**અષ્ટાન્હિકા મહોત્સવ શુભ દિન**
સોમવાર, તા. ૧૦.૦૪.૨૦૧૭,
રવિવાર ૧૬.૦૪.૨૦૧૭ થી
શનિવાર, તા. ૨૨.૦૪.૨૦૧૭
ના પાવન દિને

પુણ્ય નગરી મુંબઈ મહાનગરે,

અંનતછાયા (ઘાટકોપર) શુભ સ્થળે **શ્રી અનંતનાથ દાદાના દેરાસરજી**નાં

**અંજનશલાકા, પ્રતિષ્ઠા અને પુન:પ્રતિષ્ઠા**

**અષ્ટાન્હિકા મહોત્સવ ચડાવા ના પાવન પ્રસંગે**

શુભ નિશ્રા : પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા. ના સુશિષ્યા પ.પૂ.સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.

ઘર ઘરમાં ને ઘટ-ઘટમાં આનંદ છવાયો, શ્રી અનંતનાથ દાદાનો સર્વત્ર મહિમા ગવાયો, ગુરૂભગવંતોના આશીર્વાદથી ચડાવાનો કાર્યક્રમ થયો સવાયો...

**રવિવાર, તા. ૨૨.૦૧.૨૦૧૭ અને શુક્રવાર, તા. ૨૪.૦૨.૨૦૧૭ના શુભ દિને થયેલા વિવિધ ચડાવાના લાભાર્થી પરિવારો**

| ક્ર. | વિગત | લાભાર્થી પરિવારનું નામ | ગામ | રહેઠાણ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી અનંતનાથ દાદાની પુનઃ પ્રતિષ્ઠા | માતુશ્રી પદ્માબેન અશોક ભેદા<br>હસ્તે : શ્રી નયન અશોક ભેદા | વારાપધર | મુલુંડ |
| ૨ | શ્રી ચંદ્રપ્રભુ સ્વામિની પુનઃ પ્રતિષ્ઠા | માતુશ્રી વાસંતીબેન નવિનચંદ્ર નરશી ખોના<br>હસ્તે : શ્રી લિતેશ ખોના | નલીયા | ઘાટકોપર |
| ૩. | શ્રી શાંતિનાથ દાદાની પુનઃ પ્રતિષ્ઠા | માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી | કોઠારા | ઘાટકોપર |
| ૪. | શ્રી આદિનાથ દાદા ભરાવનાર | માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા<br>હસ્તે : શ્રી સમીર નાગડા | નલીયા | ઘાટકોપર |
| ૫. | શ્રી આદિનાથ દાદાની પ્રતિષ્ઠા | માતુશ્રી દમયંતીબેન ચાંપશી લોડાયા | સાંધવ | ઘાટકોપર |
| ૬. | શ્રી મુનિસુવ્રત સ્વામિ ભરાવનાર | શ્રી જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૭. | શ્રી મુનિસુવ્રત સ્વામિ પ્રતિષ્ઠા | શ્રીમતી જશ્મિન અતુલ ચાંપશી લોડાયા<br>હસ્તે : લોખંડવાલા પરિવાર | સાંધવ | ઘાટકોપર |
| ૮. | શ્રી ગૌતમ સ્વામિ ભરાવનાર | શ્રી જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૯. | શ્રી ગૌતમ સ્વામિ પ્રતિષ્ઠા | શ્રી જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૧૦. | શ્રી પદ્માવતી દેવી ભરાવનાર | માતુશ્રી તારામતી લહેરચંદ નાગડા | નલીયા | ઘાટકોપર |
| ૧૧. | શ્રી પદ્માવતી દેવી પ્રતિષ્ઠા | માતુશ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા<br>હસ્તે : જયશ્રીબેન કાંતિલાલ દંડ | સાંધવ | ઘાટકોપર |
| ૧૨. | શ્રી મહાકાલી દેવી ભરાવનાર | માતુશ્રી કુંવરબાઇ ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૧૩. | શ્રી મહાકાલી દેવી પ્રતિષ્ઠા | માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી | નાની સિંધોડી | ઘાટકોપર |
| ૧૪. | શ્રી ચક્રેશ્વરી દેવી ભરાવનાર | માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર | મોટી ખાવડી | ઘાટકોપર |
| ૧૫. | શ્રી ચક્રેશ્વરી દેવી પ્રતિષ્ઠા | શ્રી ખેતશી પદમશી મોતા | નલીયા | ઘાટકોપર |

| ક્ર. | વિગત | લાભાર્થી પરિવારનું નામ | ગામ | રહેઠાણ |
|---|---|---|---|---|
| ૧૬. | શ્રી પાતાલ યક્ષ પ્રતિષ્ઠા | શ્રીમતી લતાબેન મણિલાલ શિયાડ | દલતુંગી | ઘાટકોપર |
| ૧૭. | શ્રી અંકુશા દેવી પ્રતિષ્ઠા | શ્રી શામજી નરશી દંડ | સાંધવ | મુલુંડ |
| ૧૮. | શ્રી કુંભ સ્થાપના | માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી | કોઠારા | ઘાટકોપર |
| ૧૯. | શ્રી દીપક સ્થાપના | શ્રીમતી પ્રીતિ હિરેન લાપસીયા<br>હસ્તે : આદિતિ તથા આયુષી હિરેન લાપસીયા | રંગપુર | મસ્જીદબંદર |
| ૨૦. | શ્રી જ્વારા રોપણ | શ્રી નરેશ શામજી ખોના | સુથરી | મસ્જીદબંદર |
| ૨૧. | શ્રી નવગ્રહ પાટલા પૂજન | શ્રીમતી કાશ્મિરાબેન રજનીકાંત નાગડા | તેરા | ઘાટકોપર |
| ૨૨. | શ્રી દશદિક્પાલ પાટલા પૂજન | માતુશ્રી કસ્તુરીબાઇ રામજી ખોના | નલીયા | ઘાટકોપર |
| ૨૩. | શ્રી અષ્ટમંગલ પાટલા પૂજન | શ્રી નરેશ શામજી ખોના | સુથરી | મસ્જીદબંદર |
| ૨૪. | શ્રી લઘુનંદાવૃત પૂજન | શ્રી માણેકજી નેણશી દંડ | બાયઠ | ઘાટકોપર |
| ૨૫. | શ્રી ભગવતી મંડલ પૂજન | જી.વી.સી. જૈન સંઘ | ઘાટકોપર | ઘાટકોપર |
| ૨૬. | શ્રી તોરણબંધન પૂજન | શ્રી ખેતશી પદમશી મોતા | નલીયા | ઘાટકોપર |
| ૨૭. | શ્રી માણેક સ્થંભ રોપણ | માતુશ્રી કાશ્મિરાબેન અનિલ શિયાડ<br>હસ્તે: ભૂમિબેન અનિલ શિયાડ વર્ષીતપ નિમિત્તે | જખૌ | ઘાટકોપર |
| ૨૮. | ચડાવા મહોત્સવના મહેતાજી | આણંદ પરિવાર – **CA** દેવાંગ દંડ<br>હસ્તે : શ્રી કુમાર બાબુભાઇ દંડ | તેરા | ભાંડુપ |
| ૨૯. | શ્રી ચડાવા લેનાર પરિવારનું તિલકથી બહુમાન કરનાર | માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા<br>હસ્તે : શ્રી સમીર નાગડા | નલીયા | ઘાટકોપર |
| પુણ્ય નગરી મુંબઇ મહાનગરે, અંનતછાયા (ઘાટકોપર) શુભ સ્થળે શ્રી અનંતનાથ દાદાના દેરાસરજીનાં અંજનશલાકા, પ્રતિષ્ઠા અને પુન:પ્રતિષ્ઠા. શુક્રવાર, તા. ૨૪.૦૨.૨૦૧૭ના શુભ દિને થયેલા વિવિધ ચડાવાના લાભાર્થી પરિવારો | | | | |
| ૩૦. | શ્રી મુખ્ય શિખર ધ્વજદંડ ભરાવવાનું | શ્રી જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૩૧. | શ્રી મુખ્ય શિખરે કળશ ભરાવવાનું | શ્રી જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૩૨. | શ્રી મુનિસુવ્રતસ્વામિ ધ્વજદંડ ભરાવવાનું | માતુશ્રી મણીબાઇ કાંતિલાલ ગોસર | બારોઇ | મસ્જીદબંદર |
| ૩૩. | શ્રી મુનિસુવ્રતસ્વામિ કળશ ભરાવવાનું | શ્રી મુલજી રાઘવજી લોડાયા અને<br>શ્રી નરશી જેઠાભાઇ દંડ | સાંધવ<br>વરાડીયા | દાદર<br>મલકાપુર |
| ૩૪. | શ્રી આદિનાથજી ધ્વજદંડ ભરાવવાનું | શ્રી માણેકજી નેણશી દંડ | બાયઠ | ઘાટકોપર |
| ૩૫. | શ્રી આદિનાથજી કળશ ભરાવવાનું | માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા<br>માતુશ્રી ચંપાબાઇ હંસરાજ ડાઘા<br>માતુશ્રી મણીબાઇ વર્ધમાન ખોના | રાપર ગઢવારી<br>વરાડીયા<br>સુજાપર | ઘાટકોપર<br>માટુંગા<br>પવઇ |
| ૩૬. | શ્રી જિનાલયના મુખ્ય રંગમંડપ કળશ પ્રતિષ્ઠા | માતુશ્રી અરૂણાબેન ચીમનલાલ નાગડા | નલીયા | ઘાટકોપર-કોચીન |

| ક્ર. | વિગત | લાભાર્થી પરિવારનું નામ | ગામ | રહેઠાણ |
|---|---|---|---|---|
| ૩૭. | જિનાલયની જમણી ચોકી કળશ પ્રતિષ્ઠા | માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા | નલીયા | ઘાટકોપર |
| ૩૮. | જિનાલયની ડાબી ચોકી કળશ પ્રતિષ્ઠા | માતુશ્રી કાશ્મીરાબેન રજનીકાંત રતનશી નાગડા | તેરા | ઘાટકોપર |
| ૩૯. | શ્રી વેદિકા પૂજન | માતુશ્રી મણીબાઇ ઉમરશી લોડાયા | નલીયા | ઘાટકોપર |
| ૪૦. | શ્રી જલયાત્રા વિધાન | શ્રી રાયચંદ વિશનજી લોડાયા | આરીખાણા | ઘાટકોપર |
| ૪૧. | શ્રી ક્ષેત્રપાલ પૂજન | માતુશ્રી રાજબાઇ રતનશી મૈશેરી | નલીયા | ઘાટકોપર |
| ૪૨. | શ્રી ઘંટાકર્ણ પૂજન | શ્રી ભૂમિન લાજેશ મોતા | કુવાપધર | નવી મુંબઇ |
| ૪૩. | શ્રી લઘુસિધ્ધચક્ર પૂજન | શ્રીમતી માલતીબેન જયંતભાઇ સોની | સુથરી | જુહુ |
| ૪૪. | શ્રી લઘુવીસસ્થાનક પૂજન | માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી | નાની સિંધોડી | ઘાટકોપર |
| ૪૫. | શ્રી ૧૬ વિદ્યાદેવી પૂજન | શેઠશ્રી શીવજી ડુંગરશી મૈશેરી | જખૌ | ઘાટકોપર |
| ૪૬. | શ્રી ભૈરવ પૂજન | શ્રી હીરેન ચંદુલાલ શિયાડ | તેરા | ઘાટકોપર |
| ૪૭. | શ્રી વિનીતાનગરીના મુખ્ય લાભાર્થી | શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ | મુંબઇ | મુંબઇ |
| ૪૮. | શ્રી ભરતચક્રવર્તી ભોજનખંડ | માતુશ્રી મણીબાઇ કાંતિલાલ ગોસર | બારોઇ | મસ્જીદબંદર |
| ૪૯. | શ્રી કંકોત્રીના દસ્તખત - જય જિનેન્દ્ર | શ્રી જયંત ભવાનજી સોની | સુથરી | જુહુ |
| ૫૦. | શ્રી અનંતનાથ દાદાના માતા-પિતા | માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર ખોના | નલીયા | ઘાટકોપર |
| ૫૧. | શ્રી ઇન્દ્ર-ઇન્દ્રાણી | માતુશ્રી ભમલબાઇ પદમશી પીર | સુથરી | ડોંબિવલી |
| ૫૨. | શ્રી અનંતનાથ દાદાના ફોઇ-ફુઆ | શ્રી કે.ડી.ઓ.જી.વી.સી.જૈન સંઘ<br>શ્રી કે.ડી.ઓ.જી.વી.સી.જૈન સંઘ-મહિલા વિંગ | ઘાટકોપર | ઘાટકોપર |
| ૫૩. | શ્રી અનંતનાથ દાદાના મામા-મામી | શ્રી કે.ડી.ઓ.જી.વી.સી.જૈન સંઘ<br>શ્રી કે.ડી.ઓ.જી.વી.સી.જૈન સંઘ-મહિલા વિંગ | ઘાટકોપર | ઘાટકોપર |
| ૫૪. | શ્રી અનંતનાથ દાદાના સાસુ-સસરા | શ્રી કે.ડી.ઓ.જી.વી.સી.જૈન સંઘ<br>શ્રી કે.ડી.ઓ.જી.વી.સી.જૈન સંઘ-મહિલા વિંગ | ઘાટકોપર | ઘાટકોપર |
| ૫૫. | શ્રી નગરશેઠ | માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી | નાની સિંધોડી | ઘાટકોપર |
| ૫૬. | શ્રી મંત્રીશ્વર | માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી | નાની સિંધોડી | ઘાટકોપર |
| ૫૭. | શ્રી સેનાપતિ | માતુશ્રી દમયંતીબેન મુલચંદ નાગડા | પરજાઉ | ઘાટકોપર |
| ૫૮. | શ્રી કોષાધ્યક્ષ | શ્રી કે.ડી.ઓ.જી.વી.સી.જૈન સંઘ | ઘાટકોપર | ઘાટકોપર |
| ૫૯. | શ્રી પ્રિયંવદા દાસી | શ્રી કે.ડી.ઓ.જી.વી.સી.જૈન સંઘ, ઘાટકોપર<br>(મુમુક્ષૂ - ભાવિબેન) | ઘાટકોપર | ઘાટકોપર |

| ક્ર. | વિગત | લાભાર્થી પરિવારનું નામ | ગામ | રહેઠાણ |
|---|---|---|---|---|
| ૬૦. | પ્રભુજીની બહેન | કુ. જીયાના અલ્પા અલ્પેશ લાપસીયા<br>હસ્તે : જયાબેન મોતીલાલ લોડાયા | જખૌ | ઘાટકોપર |
| ૬૧. | શ્રી હરિણગમૈષી દેવ | માતુશ્રી કસ્તુરીબાઇ રામજી ખોના | નલીયા | ઘાટકોપર |
| ૬૨. | શ્રી રાજ જ્યોતિષ | શ્રી કમલેશ મુલચંદ સોની | જખૌ | ડોંબિવલી |
| ૬૩. | શ્રી છડીદાર-૧ | શ્રી હીરાચંદ રતનશી દંડ | લાલા | ઘાટકોપર |
| ૬૪. | શ્રી છડીદાર-૨ | માતુશ્રી દમયંતીબેન મુલચંદ નાગડા | પરજાઉ | ઘાટકોપર |
| ૬૫. | શ્રી પાઠશાળાના શિક્ષક | માતુશ્રી કસ્તુરીબાઇ રામજી ખોના | નલીયા | ઘાટકોપર |
| ૬૬. | શ્રી કુલમહત્તરા | શ્રીમતી કાશ્મિરાબેન રજનીકાંત નાગડા | તેરા | ઘાટકોપર |
| ૬૭. | શ્રી પ્રભુજીનું વર્ષીદાન | શ્રી ચાંપશી માણેકજી લોડાયા | સાંધવ | ઘાટકોપર |
| ૬૮. | પ્રભુજીની આંગી તા. ૧૮.૦૪.૨૦૧૭ના દિને | હીનાબેન રાજેન લોડાયા | સાંયરા | ઘાટકોપર |
| ૬૯. | પ્રભુજીની આંગી તા. ૨૧.૦૪.૨૦૧૭ના દિને | સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવાર | કોઠારા | મુલુંડ |
| ૭૦. | પ્રભુજીની આંગી તા. ૨૨.૦૪.૨૦૧૭ના દિને | શ્રી દેવરાજ મુલજી પટેલ | સાંયરા | સાંયરા |

**આંગીના દાતા આવકાર્ય, બાકી રહેલ ચડાવા મહોત્સવ દરમ્યાન લેવાશે.**

## અષ્ટાન્હિકા મહોત્સવ કાર્યક્રમની અંદાજિત રૂપરેખા :-

**દિન ૧** — વિક્રમ સંવત ૨૦૭૩, ચૈત્ર સુદ-૧૫ (પૂનમ), સોમવાર, તા. ૧૦.૦૪.૨૦૧૭ના શુભ દિને

શ્રી કુંભ સ્થાપના, અખંડ દીપક સ્થાપના અને જ્વારા રોપણ

**દિન ૨** — વિક્રમ સંવત ૨૦૭૩, ચૈત્ર વદ-૬, રવિવાર, તા. ૧૬.૦૪.૨૦૧૭ના શુભ દિને

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., નૂતન આચાર્યો સહ શ્રમણ-શ્રમણીવૃંદનું શ્રી ઘાટકોપર નગરે મંગલ પ્રવેશ... ભવ્ય સામૈયું, માણેક સ્તંભ રોપણ, તોરણ બંધન, દશદિક્પાલ પૂજન, નંદાવર્ત પૂજન, ક્ષેત્રપાલ પૂજન, શ્રી ભૈરવ પૂજન, નવ ગ્રહ પાટલા પૂજન, અષ્ટમંગલ પૂજન, લઘુ સિદ્ધચક્ર પૂજન, લઘુ વીશ સ્થાનક પૂજન, વેદિકા પૂજન, ૧૬ વિદ્યાદેવી પૂજન.

**દિન ૩** — વિક્રમ સંવત ૨૦૭૩, ચૈત્ર વદ-૭, સોમવાર, તા. ૧૭.૦૪.૨૦૧૭ના શુભ દિને

શ્રી ચ્યવન કલ્યાણક વિધિ વિધાન, માતા-પિતા, ઇન્દ્ર-ઇન્દ્રાણી, ગુરૂદેવ-ધર્માચાર્ય પૂજન અને ચૌદ સ્વપ્ન દર્શન, રાજ દરબાર આદિ રંગમંચ (સ્ટેજ) કાર્યક્રમ...

**દિન ૪** — વિક્રમ સંવત ૨૦૭૩, ચૈત્ર વદ-૮, મંગળવાર, તા. ૧૮.૦૪.૨૦૧૭ના શુભ દિને

શ્રી જન્મ કલ્યાણક વિધિ-વિધાન, માતા-પિતા, ઇન્દ્ર સિંહાસન કંપન, ૫૬ દિક્કુમારી મહોત્સવ, ૨૫૦ અભિષેક, ૧૮ અભિષેક...

**દિન ૫** — વિક્રમ સંવત ૨૦૭૩, ચૈત્ર વદ-૯, બુધવાર, તા. ૧૯.૦૪.૨૦૧૭ના શુભ દિને

પ્રિયંવદા દાસી દ્વારા પ્રભુ જન્મ વધાઇ, પ્રભુજીનું નામકરણ, પ્રભુજીનું પાઠશાળા ગમન, પ્રભુજીના લગ્ન, પ્રભુજીનો રાજ્યાભિષેક, નવ લોકાંતિક દેવો દ્વારા પ્રભુજીને વિનંતી...

**દિન ૬** — વિક્રમ સંવત ૨૦૭૩, ચૈત્ર વદ-૧૦, ગુરૂવાર, તા. ૨૦.૦૪.૨૦૧૭ના શુભ દિને

પ્રભુજીનો દીક્ષા કલ્યાણકનો વરઘોડો, શ્રી દીક્ષા કલ્યાણક વિધિ વિધાન અને મધ્યરાત્રી બાદ અધિવાસના - અંજન વિધિ પ્રાણારોપણ, કેવળજ્ઞાન કલ્યાણક...

**દિન ૭** — વિક્રમ સંવત ૨૦૭૩, ચૈત્ર વદ-૧૧, શુક્રવાર, તા. ૨૧.૦૪.૨૦૧૭ના શુભ દિને

દિવ્ય પ્રતિષ્ઠા દિન સવારે ૬:૦૦ કલાકે શ્રી નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેક અને સવારના શુભ મુહૂર્તે પ્રભુજીને ગાદીનશીન-પ્રતિષ્ઠા બપોરે વિજય મુહૂર્તે શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર પૂજા

**દિન ૮** — વિક્રમ સંવત ૨૦૭૩, ચૈત્ર વદ-૧૨, શનિવાર, તા. ૨૨.૦૪.૨૦૧૭ના શુભ દિને

સવારે શુભ મુહૂર્તે જિનાલયના દ્વારોદ્ઘાટન...
શ્રી ભગવતી દીક્ષા પ્રદાન (મુમુક્ષુ કુ. ભાવીબેન રાજન લોડાયા- સાંયરા)...

### વિવિધ યોજના દાતાશ્રી - સાધર્મિક ભક્તિ

**પ્રતિષ્ઠા - અષ્ટાન્હિકા મહોત્સવ**
**લાખેણા દાતાશ્રી**
**રૂા. ૧,૦૦,૦૦૦/-**

**પ્રતિષ્ઠા - અષ્ટાન્હિકા મહોત્સવ**
**સુવર્ણ દાતાશ્રી**
**રૂા. ૫૧,૦૦૦/-**

**પ્રતિષ્ઠા - અષ્ટાન્હિકા મહોત્સવ**
**નવકારશી - બપોરની સાધર્મિક ભક્તિ**
**ચૌવિહાર અથવા સંપૂર્ણ દિવસની**
**સાધર્મિક ભક્તિ**

આપશ્રીનું સમ્યગદર્શન નિર્મલ કરવાનો
લાભ ચૂકશો નહીં !
આપનો સહકાર, જ્ઞાતિનો વિકાસ..





લિ. આપના વિનમ્ર
શ્રી કલ્પેશ માણેકજી મોતા (પ્રમુખ-મુંબઇ મહાજન)
શ્રી જયંત ભવાનજી સોની (ચેરમેન-પ્રતિષ્ઠા મહોત્સવ)

# જ્ઞાતિનો યુવા વર્ગ મોટા પાયે એકબીજા સાથે ભળી શકે એવી રાષ્ટ્રીય વ્યવસ્થા વિના સગપણ સમસ્યા ઉકેલવી અશક્ય

મુંબઈ મહાજનની સગપણ સમિતિ દ્વારા વસઈના રીસોર્ટમાં યોજાયેલ પરિચય મિલન બહુ સારી રીતે સંપન્ન થયું. આ આયોજનથી એ વાતની પ્રતીતિ થઈ કે જ્ઞાતિ પાસે સગપણ અને સમૂહલગ્ન બાબત નિષ્ઠાથી કામ કરનાર કાર્યકરો છે, જે જ્ઞાતિ માટે બહુ ખુશીની વાત છે.

ખુશીની વાત એ પણ છે આખી પ્રક્રિયાને શક્ય તેટલી અનૌપચારિક (ઈન્ફોર્મલ) બનાવી દેવાઈ છે. સગપણ સમિતિ માત્ર આવા આયોજન માટે અને તે વખતે જ નહીં આખું વર્ષ સક્રિય રહે છે. તે લોકોને એમ પણ કહે છે કે તરત જ સગપણનું લક્ષ્ય ન રાખો... પહેલા મિત્ર બનો... તે માટે વોટ્સઅપ ગ્રુપમાં જોડાવ.

ટુંકમાં વસતિ પત્રક સમિતિનો આઈટી વિભાગ પણ આ બાબત સક્રિય થઈ જશે એ પણ ખુશીની વાત છે.

અલબત્ત, એ વાતની પણ નોંધ લેવી રહી કે આ કાર્યકરોની શ્રેષ્ઠ જહેમત પછી પણ સગપણ સમસ્યા બાબત સ્થિતિ સંતોષકારક નથી. ખાસ કરીને બહાર ગામના છોકરાઓ માટેની ડેડ એન્ડ એટલે કે માર્ગ ખતમ થઈ જતો હોય એવી સ્થિતિ છે. કદાચ એ જ કારણથી નિષ્ઠાવાન કાર્યકરો વધુને વધુ સઘન પ્રયત્નો કરી રહ્યા છે તે છતાં સહભાગી થનારાઓનું પ્રમાણ ઘટી રહ્યું છે.

જોકે, એ વાતે ખુશ થવા જેવું ખરું કે સંખ્યાની દૃષ્ટિએ નહીં પણ ટકાવારીની દૃષ્ટિએ પરિણામો સુધરી રહ્યા છે.

સગપણ સમિતિની સમજાવટથી મુંબઈની એક દીકરીએ બહારગામ જવાનું જોખમ ઉઠાવ્યું અને તે પોતાના એ નિર્ણય બાબત સંતોષ જ નહીં ગૌરવ અનુભવે છે. અલબત્ત, આ અપવાદને નિયમ બનાવી શકાય તેમ નથી.

ખુશીની વાત એ છે કે કેટલાક સમજદાર મા-બાપો પોતાના ફ્રેશ (નવા નક્કોર) ઉમેદવારોને જ્ઞાતિમાં કેવા પાત્રો છે એનો ખ્યાલ અપાવવા માટે પરિચય મિલનના મંચનો ઉપયોગ કરી રહ્યા છે.

એકંદરે લગ્નોત્સુકોમાં બહારગામથી આવેલાઓનું પ્રમાણ અડધે અડધ હતું એ નોંધપાત્ર છે. બીજી નોંધપાત્ર વાત એ છે કે છોકરાઓમાં ત્રણ લાખથી ઓછું કમાનારાઓનું પ્રમાણ સારું એવું હતું બીજા શબ્દોમાં કહીએ તો મધ્યમ વર્ગની છોકરીઓ પણ મધ્યમ વર્ગીયને પરણવા તૈયાર નથી એટલે મધ્યમ વર્ગીય છોકરાઓને પરિચય મિલનનો આશરો લેવો પડે છે.

પરિચય મિલનના આયોજનની ફલશ્રુતિ જોતા એક વસ્તુ ખાસ ધ્યાનમાં આવે છે કે યુથ એક્સચેંજ દ્વારા જ્ઞાતિના યુવા વર્ગમાં મિત્રતા કેળવવા સિવાય સગપણ સમસ્યા હળવી થનારી નથી એટલે એ બાબત ગંભીરતાથી વિચારવું રહ્યું.

આ સંબંધે દક્ષિણ ભારત કાંઠે સુનામી આવી એ વર્ષમાં ચેન્નઈ મહાજન દ્વારા સગપણો થાય જ થાય તેના આગ્રહ વગર.. વડીલોના સહભાગ વગર જે યુવા મિલન જેવું આયોજન થયેલું તે સગપણ સમસ્યા હળવી કરવાની દૃષ્ટિએ પણ સારા પ્રમાણમાં સફળ રહેલું એ નોંધવું રહ્યું.

થોડા સમય પહેલાં જ્ઞાતિ સમક્ષ અનેક નવા વિચારો પ્રસ્તુત કરનાર તિલકભાઈ લોડાયાએ ચેન્નઈ મહાજનના સહયોગથી યુવાનોને વિવિધ સ્થળના જ્ઞાતિજનોને ત્યાં રહીં ત્યાંની સ્થાનિક સ્થિતિનો અભ્યાસ થાય એવા યુથ એક્સચેંજનો કાર્યક્રમયો જયો હતો તેને કારણે પણ યુવા વર્ગમાં દોસ્તી વધી હતી પણ તેમાંથી સગપણો થયા કે નહીં એ બાબત જાણવાનો પ્રયાસ થયો નથી.

આ બધી વાતોને ધ્યાનમાં રાખીએ તો આ બાબત ગંભીરતાથી પાયાની વિચારણા કરવાનો સમય પાકી ગયો છે એની પ્રતીતિ થયા વગરે રહેતી નથી.


**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 10/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda, Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## જ્ઞાતિ આગેવાન પ્રબોધ મુનવરને મુખ્યમંત્રીશ્રીનાં વરદ્ હસ્તે ''ધરતી રત્ન એવોર્ડ'' અપર્ણ કરાયો



આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા જુદા-જુદા વિસ્તારોમાં સમાજ સેવા કરતી રાજ્યની ૧૧ વ્યક્તિઓને રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ''ધરતી રત્ન એવોર્ડ'' અર્પણ કરવામાં આવેલ, જેમાં જ્ઞાતિ આગેવાન કચ્છનાં માનવજ્યોતનાં પ્રબોધ મુનવરને પણ આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

સમારોહનું મુખ્ય મહેમાન પદ રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જ્યારે અતિથિ વિશેષ પદ ગુજરાત દિવ્ય જીવન સંઘ, અને શીવાનંદ આશ્રમ અમદાવાદનાં સ્વામિશ્રી અધ્યાત્માનંદજી મહારાજે તથા એવોર્ડ પસંદગી સમિતિની ત્રિપુટી મુંબઈ અને કલકત્તા હાઈકોર્ટનાં રીટાયર્ડ ચીફ જસ્ટીસ શ્રી મોહિત એસ શાહ, અંબુભાઈ એમ. પટેલ, ચાર્ટર્ડ એકાઉન્ટ એસો. અમદાવાદના પૂર્વ પ્રમુખ શ્રી મનુભાઈ જી. પટેલે શોભાવ્યું હતું.

આશીર્વાદ એજ્યુ. ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી આર. એસ. પટેલે મહેમાનોને આવકાર્ય આપ્યો હતો. ડૉ. કિરણ સી. પટેલ તથા ડૉ. કૃષ્ણકાંત પટેલે અને સંસ્થાની પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતિ આપી હતી. કાર્યક્રમનું સંચાલન ફાલ્ગુનીબેન શાહ જ્યારે આભાર દર્શન ગીરીશભાઈ પટેલે કરેલ.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.




**શ્રીમતી નેહલ અમર ભરત ખોના (સાંધવ - વડાલા) ૮૧૪૦ મતની સરસાઈથી નગરસેવિકા ચુંટાયા**

**(નામના ભૂલની સુધારણા)**


**શ્રીમતી નેહલ અમર ખોનાને નગરસેવિકા તરીકે ચુંટાવા બદલ અભિનંદન**



લિ. **શામજી નરશી દંડ** (સાંધવ)
**ગોવિંદજી લાલજી પટેલ** (સાંધવ)
**વિરચંદ મેઘજી ખોના** (સાંધવ)
**પ્રકાશ માણેકજી લોડાયા** (સાંધવ)
**માતુશ્રી મણીબાઈ વાલજી ખોના પરિવાર** (સાંધવ - ઘાટકોપર)
**(નામના ભૂલની સુધારણા)**

# કે.ડી.ઓ. વેલફેર એસોસીએશન

## કે.ડી.ઓ. સામાજીક સુરક્ષા યોજના

**આભાર આભાર આભાર**

જાન્યુઆરી ૨૦૧૭ દરમ્યાન એક નવા સભ્ય પર એક સ્પોન્સર્ડ સભ્ય ફી યોજના હેઠળ જ્ઞાતિજનો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો તથા એસોસીએશનના જનરલ બોડી સભ્યો તથા સામાજીક કાર્યકરોએ જહેમત ઉઠાવીને જાન્યુઆરી ૨૦૧૭ દરમ્યાન ૬૭૫ જેટલા નવા સભ્યો નોંધાયા તે બદલ સૌનો આભાર.

**સામાજીક સુરક્ષા યોજના :** ૦ થી ૫૩ વર્ષની વયના કોઈપણ જ્ઞાતિજન ફક્ત એક જ વખત રૂા. ૨૨૦૦/- (રૂા. ૨૦૦/- સભ્ય ફી તથા રૂા. ૨૦૦૦/- રીફંડેબલ ડીપોઝીટ) ભરી યોજનામાં જોડાઈ શકે છે. ૫૫ વર્ષની વય સુધીમાં કોઈ સભ્યનું આવસાન થાય તો નોમીનીને રૂા. ૭૫,૦૦૦/- લાભાંશ તથા અકસ્માતે અવસાન થાય તો વધારાના રૂા. ૭૫,૦૦૦/- નું લાભાંશ મળી શકે છે. અન્યથા ૫૫ વર્ષની વયે સભ્ય રીટાયર્ડ થતા તેને ડીપોઝીટની રકમ ૧૦૦% સુધી બોનસ સહીત પરત મળે છે. છેલ્લા ૨૭-૨૭ વર્ષથી આ યોજના ચાલુ છે. અત્યાર સુધી ૩૧૭ સભ્યોના અવસાન થતા તેમના નોમીનીને રકમ ચુકવાઈ છે. ૨૬૯૫ સભ્યો રીટાયર્ડ થયા છે. ૧૧૦૨૨ જ્ઞાતિજનો યોજનામાં જોડાયા છે તે હાલ ૮૦૧૦ સભ્યો છે.

**ખાસ નોંધ :** અરજીપત્રક માટે કાર્યકર્તાઓ અથવા ઓફીસ બેરર્સનો સંપર્ક કરો. બે પાનાના ફોર્મમાં બન્ને પાનાપર નિયત જગ્યાએ ફોટા ચીપકાવવા જરૂરી છે. સાથે પેનકાર્ડની કોપી મોકલવી ફરજીયાત છે. એડ્રેસ પ્રુફ માટે આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસંસ, પાસપોર્ટ, વગેરેની એક નકલ મોકલવી. રીસ્ક કવર સભ્યમાં તારીખથી ૧ વર્ષ પછી અથવા બાળકો માટે પાંચ વર્ષની વયથી શરૂ થાય છે.

### સંપર્ક સેતુ

**ઓફીસ બેરર્સ**

**શ્રી કિશોર ગોવિંદજી કાયાણી** (પ્રમુખ) મુલુંડ **099201 95551** **શ્રી દીપક ગંગાજર ડાઘા** (સેક્રેટરી) મુલુંડ **087677 53082**

**શ્રી શરદ હેમરાજ મોમાયા** (ઉપપ્રમુખ) હુબલી **094481 16002** **શ્રી સતીષ પ્રવિણચંદ્ર લુઠીયા** ગદગ **098452 58214**

**શ્રી કાંતિલાલ લખમશી વિકમશી** (ખજાનચી) મુલુંડ **098330 68881**

**વોટસ્-એપ : 08767753082 • ઈ-મેલ : kdosss@yahoo.in**

**કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા**, ચેંબુર
**ચીમનલાલ મેઘજી શિયાલ**, સાયન
**રમેશ હીરજી લોડાયા**, ડોંબિવલી
**હસમુખ લક્ષ્મીચંદ ધરમશી**, મુલુંડ
**પરેશ માણેકજી દંડ**, મુલુંડ
**રાજેશ શામજી લોડાયા**, વડાલા
**ડોલર પ્રતાપ શાહ**, મુલુંડ
**માલતીબેન હરીશ ધરમશી**, સાનપાડા
**વીરચંદ ચાંપશી શાહ**, મુલુંડ
**ધીરેન્દ્ર કરમશી મોતા**, માટુંગા
**હિરાચંદ કલ્યાણજી નાગડા**, મુંબઈ
**ફાલ્ગુન લખમશી ખોના**, ભાંડુપ
**નીતીન પદમશી ડાઘા**, નાહુર
**અજિત માલશી લોડાયા**, મુલુંડ
**વિનય હિરાચંદ લોડાયા**, ડોંબિવલી
**હેમંત રમેશ ધુલ્લા**, ડોંબિવલી
**ઉમેશ વીરચંદ ધરમશી**, કોપરખૈરને
**વિનય મુલજી લોડાયા**, ભાંડુપ
**ચંદ્રકાંત મોતીચંદ પટેલ**, હુબલી
**મુલચંદ પદમશી શાહ**, બડગરા
**હિરેન કુંવરજી છેડા**, હુબલી
**કેતન મણીલાલ મહેશ્વરી**, હુબલી
**ચંદ્રકાંત જીવરાજ શાહ**, હુબલી
**જયેશ ગુલાબચંદ ખોના**, હુબલી
**હેમાબેન ગુલાબ છેડા**, બેંગલોર
**ચંદ્રેશ વીરચંદ છેડા**, રાયપુર
**ચેતન કલ્યાણજી મોમાયા**, ઈંદોર
**ઉદય સૂર્યકાંત મહેશ્વરી**, હુબલી
**પ્રદીપ જીવનલાલ પટેલ**, હુબલી
**ચેતન ગોવિંદજી નાગડા**, અમદાબાદ
**મોનીક વિનોદ ધરમશી**, હૈદરાબાદ
**હિરેન મુલજી પટેલ**, હૈદરાબાદ
**હિતેશ હીરાચંદ ધરમશી**, હૈદરાબાદ
**મહેશ કાંતીલાલ મોતા**, જલગામ
**જિગ્નેશ નવીનચંદ મોતા**, હૈદરાબાદ
**ચંદ્રેશ હિતેશ નાગડા**, વડોદરા
**મેઘજી ભાણજી પોલડીયા**, ભાગપુર
**પદમકુમાર ધનજી નાગડા**, હુબલી
**ખુશાલ લાલજી મહેશ્વરી**, પુણે

**કુલપાક - મેડચલ તીર્થના યાત્રી માટે ઉપયોગી સેવા**




હૈદરાબાદના પ્રવાસમાં હંસકુમાર સાયલાના સાહબર હેઠળ ચાલના ''શ્રી કુલપાક યાત્રી સંઘ''માં જોડાવવાનો લાભ મળ્યો.

દર મહિનાના પહેલા રવિવારે સવારના ૭ વાગે બસ કાચીગુડા સ્થિત ''શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરથી કુલપાક તીર્થ જવા ઉપડે છે. આ યાત્રી સંઘમાં આજીવન સભ્યો ઉપરાંત રૂા. ૫૦ (પચાસ) ના નકરાથી પહેલેથી નામ નોંધાવેલ યાત્રી પણ ભાગ લઈ શકે છે.

ભરચક યાત્રીઓને લઈ ર કલાકમાં કુલપાક તીર્થ પહોંચી તરતના નવકારશીનો લાભ લઈ, સ્નાન આદી પતાવી સેવાપૂજા કરી ૪૦ થી ૫૦ અપંગો ગરીબોને જમાડી પછી સંઘ ભોજન લે છે. ૩ થી ૩.૩૦ સુધી ચા-પાણી પતાવી ૪ વાગે બસ હૈદ્રાબાદ પાછી જાય છે.

અદ્ભૂત એવા કુલપાક તીર્થમાં જમવા રહેવા માટે બહુના સારી સગવડ છે. અદ્યતન રૂમોમાં ર પલંગ, પંખો, બાથરૂમ, સંડાસ વિગેરેની સારી સગવડ છે.

દર મહિનાના ૩જા રવિવારે શ્રી હંસકુમારભાઈ આજ રીતે ''શ્રી મેડચલ ૭ર જીનાલય'' યાત્રાનું આયોજન કરે છે. આ બન્ને યાત્રાઓનો ખૂબ લાભ લેવાય છે.

આવી યાત્રાઓના નિસ્વાર્થ આયોજક શ્રી હંસકુમારની સેવા ખૂબના અનુમોદનીય છે.

**- શ્રી હંસકુમારભાઈ મુલજી શાહ,** ચેમ્બુર

**સૂરજ, ચાંદ ઔર સિતારા સબકી આંખો કા તારા**

મોટી સિંધોડી મહાજનના સ્નેહમિલનમાં વિરારના રાજેશ દામજી મૈશેરીને પ્રમુખ પદે નીહાળતા અનેરો આનંદ થયો તેઓ નીષ્ઠાવાન કાર્યકર, વિરાર રત્નનું બિરૂદ પામ્યા જાણે સમાજ ક્ષેત્રે સિતારાનો ઉદય.

તેમના પિતાશ્રી દામજી રતનશી મૈશેરીએ સમાજસેવા ક્ષેત્ર સારું ખેડાણ કર્યું. શાંત, નિખાલસ મીસનસાર સ્વભાવથી ચૌદ સમાન સહુના દિલમાં વસી ગયા. માદરે વતન કચ્છમાં ઠરી કામ થયા.

વંશ વારસમાં આગળ ધપતાં સ્વ. વાલજી બાપા ઉર્ફે રતનશી આણંદજી મૈશેરીને કેમ ભૂલાય ? સૂરજ સમાન સત્યવાદી રહ્યા. યશ કે તાખની ખેપના વિના સમાજ સેવાની ધુંસરી વહન કરતા રહ્યા.

સરસ મજાની વાત એ રહી કે દીવા તળે અંધારાની ચોવક સદંતર ખોટી પડી. પેઢી દર પેઢી સમાજ સેવાની લગની પ્રજ્વલીત રહી. ધન્ય છે આ સમાજસેવી પરિવારને.

**- કાંતીલાલ કેશવજી મોતા,** મુલુંડ

---

**ફેમી પ્રફુલ નાગડા (જૈન)** – પાના નં. ૨૮ થી ચાલુ

વિદ્યાવિહારમાં આવેલી સોમૈયા કૉલેજમાં T.Y.B.Com માં અભ્યાસ કરતી ફેમીએ બારમાની પરીક્ષા આપ્યા બાદ CSની એકઝામમાં અપીઅર કરવાનો નિર્ણય લીધો હતો.

CSના પહેલા લેવલ CS ફાઉન્ડેશનની પરીક્ષામાં ઑલ ઇન્ડિયામાં ૧૯મી રૅન્ક આવી હતી એમ જણાવતા ફેમીએ 'મિડ-ડે' ને કહ્યું હતું કે 'પહેલા જ અટેમ્પ્ટમાં ત્રણેય લેવલ ક્લિઅર કરવાનો ટાર્ગેટ રાખ્યો હતો. એના માટે કૉલેજની પરીક્ષા સાથે CSના અભ્યાસ માટે દરરોજ સાતથી આઠ કલાક ફાળવતી હતી. CS એક્ઝિક્યુટિવના બીજા લેવલમાં ઑલ ઇન્ડિયાનું રિઝલ્ટ માત્ર ૩.૮૯ ટકા આવ્યું હતું અને આ લેવલ પાર કરવામાં મને સફળતા મળી હતી. CS પ્રોફેશનલ એટલે કે CSના ત્રીજા લેવલમાં ઑલ ઇન્ડિયામાં ૧૫મી રૅન્ક મેળવી છે. મને મળેલી સફળતાનું સંપૂર્ણ શ્રેય મારા પૅરન્ટ્સને અને મારી બેસ્ટ ફ્રેન્ડ ઈબરત ખાનને જાય છે.

---

**શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ**

**આયોજીત**

## મેડિકલ ચેકઅપ

મિત્ર મંડળ દ્વારા ૪૦ વર્ષથી ઉપરના કે.ડી.ઓ. બહેનો માટે યોજેલ **બ્રેસ્ટ કેન્સર ડિટેકશન બાય મેમોગ્રાફી ટેસ્ટ માટે વહેલા તે પહેલાના ધારણે** પ્રથમ ૪૦ મહિલાઓનું નામ રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

**નામ નીચેની બહેનો પાસે નોંધાવવા નમ્ર વિનંતી.**

**સ્થળ :** બ્લુબર્ડ ઈંગ્લીશ સ્કૂલ, પાંડુરંગ વાડી દેરાસર પાછળ, ગ્રાઉન્ડ ફ્લોર, પાંડુરંગ વાડી, ડોંબિવલી (ઈ)-૪૨૧ ૨૦૨.

**સમય : સવારના ૧૦ થી ૪**

**તારીખ : ૦૯-૦૪-૨૦૧૭ રવિવાર**

**મેડિકલ કેમ્પના દાતાશ્રી**

**ચંદનબેન જાદવજી ધરમશી,** નલિયા-ડોંબિવલી

હસ્તે **મુકેશ જાદવજી ધરમશી**

**સંપર્ક :**

| | | | |
|---|---|---|---|
| વિપુલા ધરમશી | - 09920192579 | કવિતા છેડા | - 09167202747 |
| વંદના દંડ | - 09819031493 | જલ્પા છેડા | - 09833345202 |
| અર્ચના ખોના | - 09321556194 | ભાવના મોમાયા | - 08879713610 |


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

(વ્યવસ્થાપક સમિતિની વર્ષ ૨૦૧૭, ૧ એપ્રિલ થી વર્ષ ૨૦૨૨ માર્ચ ૩૧ સુધીની પાંચ વર્ષની મુદત માટે ચૂંટણી)

૧) **કાન્તીલાલ કરમશી વીકમશી-મુંબઈ** (પ્રમુખ પદ માટે) A વિભાગ ૨) **દીનેશ જેઠાભાઈ લોડાયા-પુના**( ઉપપ્રમુખ પદ માટે) B વિભાગ

૩) **હીરાચંદ વેલજી કાયાણી- ડોંબિવલી** (ખજાનચી પદ માટે) A વિભાગ

ઉપરોક્ત 3 ઉમેદવાર બંધારણની જોગવાઈ પ્રમાણે વ્યાજબી છે. અને તેમના પદ માટે બીજા કોઈ હરીફ ન હોવાથી બીન હરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવે છે.

**વ્યવસ્થાપક સમિતિ માટે (A વિભાગ) ના ઉમેદવારો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | **અજય હીરાચંદ શીયાલ** | ડોંબિવલી | ૨) | **જયંતીલાલ દેવશી મૈશેરી** | મુલુન્ડ |
| ૩) | **જીગર કીશોર શીયાલ** | ડોંબિવલી | ૪) | **રાયચંદ દેવશી જીવાણી** | ડોંબિવલી |
| ૫) | **રીતેશ કીશોર ખોના** | મુલુન્ડ | ૬) | **સરોજબેન લાલજી મુનવર** | ઘાટકોપર |
| ૭) | **શ્રેણીક પ્રવીણ ખોના** | અંધેરી | ૮) | **તેજસ મહેન્દ્ર ખોના** | ભાંડુપ |
| ૯) | **ટોમેશ કાન્તીલાલ નાગડા** | ઘાટકોપર | ૧૦) | **યોગેશ હંસરાજ મુનવર** | અગાસી |

A વિભાગના કોઇપણ **૬** ઉમેદવારોને (ન વધુ ન ઓછા) ચુંટવા માટે મતદાન ફરજીયાત રહેશે. અન્યથા મતદાન પત્રીકા રદ બાતલ ગણાશે.

**વ્યવસ્થાપક સમિતિ માટે (B વિભાગ) ના ઉમેદવારો**

૧) **દીનેશ લાલજી મુનવર**-હાલોલ ૨) **પ્રદીપ કેશવજી શીઆલ**-જાલના ૩) **વીપુલ પ્રદીપ લોડાયા-નાસીક**

ઉપરોક્ત 3 ઉમેદવાર બંધારણની જોગવાઈ પ્રમાણે વ્યાજબી છે. અને તેમના પદ માટે બીજા કોઈ હરીફ ન હોવાથી બીન હરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવે છે.

# શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ

(ટ્રસ્ટ બોર્ડની વર્ષ ૨૦૧૭, ૧ એપ્રિલ થી વર્ષ ૨૦૨૨ માર્ચ ૩૧ સુધીની પાંચ વર્ષની મુદત માટે ચૂંટણી)

ટ્રસ્ટ બોર્ડ માટે **(A વિભાગ)** ના ઉમેદવારો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | **ભરત મુલજી મૈશેરી** | મુલુન્ડ | ૨) | **ભરત ત્રીકમજી મૈશેરી** | ડોંબીવલી |
| ૩) | **હરીશ દામજી ધરમશી** | સાનપાડા | ૪) | **મહેન્દ્ર દેવજી ખોના** | થાણા |
| ૫) | **રાયચંદ દેવશી જીવાણી** | ડોંબીવલી | ૬) | **રીતેશ કીશોર ખોના** | મુલુન્ડ |
| ૭) | **સરોજબેન લાલજી મુનવર** | ઘાટકોપર | ૮) | **ટોમેશ કાન્તીલાલ નાગડા** | ઘાટકોપર |

A વિભાગના કોઇપણ **૫** ઉમેદવારોને (ન વધુ ન ઓછા) ચુંટવા માટે મતદાન ફરજીયાત રહેશે. અન્યથા મતદાન પત્રીકા રદ બાતલ ગણાશે.

ટ્રસ્ટ બોર્ડ માટે **(B વિભાગ)** ના ઉમેદવારો ૧) **ભાવીક શશીકાંત નાગડા-રાયપુર**

ટ્રસ્ટ બોર્ડ માટે બંધારણ મુજબ B વિભાગ માટે કુલ **3** સીટ નિર્ધારિત છે. જે માટે માત્ર **૧** ઉમેદવારે ચુંટણી માં ઉમેદવારી નોંધાવેલ છે. આથી ઉપરોક્ત **૧** ઉમેદવાર બિન હરીફ ચુંટાયેલ જાહેર કરવામાં આવે છે.

૧. મતદાન કરનાર જખૌવાસીઓ એ પોતાની ઓળખ માટે **પેનકાર્ડ, આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાયન્સેસ અથવા પાસપોર્ટ** બતાવવો જરૂરી છે.

૨. મતદાન કરનાર જખૌવાસી નું નામ વસ્તીપત્રક પ્રમાણે અને ૧૮ વર્ષથી ઉપરની ઉમર જરૂરી છે.

૩. સર્વે ઉમેદવારોની નામાવલી ABCના ક્રમ પ્રમાણે ગોઠવેલ છે.

૪. ચુંટણી પ્રક્રિયા માટે કોઇપણ ખુલાસો લેખીત અરજી કરવાથી ચુંટણી અધિકારી/સમિતિ શંકાનું સમાધાન કરશે. મૌખીક ફરીયાદ/વાદવિવાદ ને પ્રતિસાદ આપવામા નહી આવે **ચૂંટણી અધિકારીનો નિર્ણય સર્વેને બંધન કર્તા રહેશે.**

૫. ચુંટણી અને મતદાન માટે સામાન્ય નીયમોનું પાલન જરૂરી રહેશે.

**મતદાન તારીખ અને સમય : રવીવાર તારીખ ૨૬-૩-૨૦૧૭ સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી**

**મતદાન કેન્દ્ર મુંબઈ : રૂમ નં.૧ અતિથીગૃહ, અનંતસીધ્ધી, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વે.) મુકામે વ્યવસ્થા રાખેલ છે.**

**મતદાન કેન્દ્ર જખૌ : જખૌ દેરાસરજીના ઉપાશ્રય હોલ મુકામે વ્યવસ્થા રાખેલ છે.**

**A વિભાગ : મુંબઈ, થાણા, રાયગડ, પાલઘર, નવી મુંબઈ** **B વિભાગ : A વિભાગ સિવાયના**

લિ. મુખ્ય ચુંટણી અધિકારી : **શ્રી સનત કુંવરજી ખોના** • સહાયક ચુંટણી અધિકારી : **શ્રી કાંતિલાલ આણંદજી નાગડા**

**શ્રી જખૌ મહાજનના સર્વે સભ્યોએ વધુમાં વધુ મતદાન કરવા વિનંતી.**

|| શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમો નમઃ ||

# રંગપુર અને ભરૂડીયા ગામે વાછરા દાદાની પ્રતિષ્ઠા ઉજવાઈ

**રંગપુર તેમજ સેવક ભરૂડીયા ગામે વાછરા દાદાના નુતન મંદિરે દેવ-દેવીઓની મુર્તિઓનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવેલ.**

**તા. ૫-૨-૨૦૧૭ રવિવારના** સવારના મુર્તિઓનો પ્રવેશ થતા સર્વે ગામવાસીઓ તેમજ પધારેલ મહેમાનો દ્વારા ઢોલ શરણાઈના સથવારે, બેડા લઈને બહેનો વાજતે ગાજતે સામૈયો કરવામાં આવેલ. આખા ગામમાં પ્રદક્ષિણા દઈને દાદાના મંદિરે પહોંચ્યા ત્યારબાદ બપોરના ૨.૦૦ કલાકે સેવક ભરૂડીયામાં પણ ગામવાસીઓ દ્વારા મુર્તિઓનો જોરદાર સામૈયો કરવામાં આવેલ. આખા ગામમાં પ્રદક્ષિણા દઈને મુલજી હીરજી લોડાયાના ઘરે પધરાવેલ. બપોરના ૩.૦૦ કલાકે રંગપુર ગામે ઉપાશ્રયમાં પાર્શ્વપંચકલ્યાણ પૂજા રાખવામાં આવેલ. જામનગરથી વિધિકાર – સંગીત મંડળી પધારેલ. બહોળી સંખ્યામાં સર્વે ભાવિકાએ લાભ લિધેલ.

બપોરના બન્ને ગામોમાં શયનવિધિ (ધન્યવાસ કરવામાં આવેલ). રાત્રે રંગુપર ગામે મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. ત્યારબાદ દાંડીયા રાસ રાખવામાં આવેલ. જામનગરથી પધારેલ સંગીતકાર એ સારી એવી રમઝટ જમાવેલ. ગામમાં લગ્ન પ્રસંગ હોવાથી વરરાજાનું ફુલેકું કાઢવામાં આવેલ. વરરાજા ઘોડા ઉપર ઠાઠમાઠથી પધારેલ. ઘોડી દ્વારા ડાંસ કરવામાં આવેલ તે સર્વેને જોવા મળેલ.

**તા. ૬-૨-૨૦૧૭ સોમવારના** સવારના સેવક ભરૂડીયા ગામે પ્રતિષ્ઠા રાખવામાં આવેલ. પ્રતિષ્ઠા કરાવવા લાલોજી વ્યાસ - કચ્છ વારાપધરથી પધારેલ. બહોળી સંખ્યામાં રંગપુરથી પધારેલ ગામવાસીઓ પણ સારી સંખ્યામાં પધારેલ. રંગપુર ગામે ૮.૦૦ કલાકે પ્રતિષ્ઠા મહોત્સવની વિધી વિધાન શરૂ થયેલ. ૧૨.૩૦ કલાકે સંપન્ન થયેલ

બે દિવસ વિધિ વિધાન માટે શાસ્ત્રોક્ત વિદ્વાન પંડતીજી જામનગરથી પધારેલ. બન્ને જગ્યાએ વાછારાદાદાના જુના ફડા હતા તે એમજ રાખવામાં આવેલ ત્યાં નુતન મંદિર બનાવવામાં આવેલ.

**નુતન મંદિરના સંપૂર્ણ નિર્માણ દાતા બન્ને જગ્યાના**

**માતુશ્રી કંચનબેન (દીપાલીબેન) ગુલાલચંદ ત્રિકમજી નાગડા પરિવાર,** રંગપુર

**પુત્ર-પુત્રવધુ : અ.સૌ. મિતલ જતીન નાગડા**

**પુત્રી : માહી, જયા જતીન નાગડા** આદિએ લાભ લીધેલ

રંગપુર ગામે બન્ને દિવસની સાધર્મિક ભક્તિ તેમજ **તા. ૬-૨-૨૦૧૭**ના પ્રતિષ્ઠાના દિવસે (ધુવાબંધ) ગામ જમણનો લાભ પણ **માતુશ્રી કંચનબેન (દીપાલીબેન) ગુલાલચંદ ત્રિકમજી નાગડા** પરિવારે લીધેલ. રંગપુરના મુંબઈ રહેતા ગામવાસીઓ તેમજ શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈના કાર્યકર ભાઈઓ, દલતુંગી, ભરૂડીયા, મોટી ખાવડી, નાની ખાવડી, જામનગર તેમજ આજુબાજુના ગામડાઓમાંથી, આમંત્રણને માન આપી, આમંત્રિત મહેમાનો પધારેલ, મિત્રવર્ગ, કુટુંબીજનો, કચ્છથી પણ સારી સંખ્યામાં પધારેલ. રંગપુર ગામ વાસીઓ,જૈનેતર ભાઈઓ તથા રંગપુર મહાજન પ્રમુખશ્રી પંકજ કેશવજી ધરમશીનો સારા એવો સાથ સહકાર મળેલ.

**તે બદલ સર્વે જણની નાગડા પરિવાર તરફથી ખૂબ ખૂબ અનુમોદના.**

લી. **ગુલાલભાઈ નાગડા, રંગપુર**

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી – ભાગ ૨

– **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (Bom), **મુલુંડ, M : 09757303562 / 07069621931**

**૭) કેલશ્યમ :** કેલશ્યમ ફક્ત હાડકા અને દાંત માટે જરૂરી નથી પણ એ શરીર માટે બીજી ઘણી રીતે જરૂરી છે. કેલશ્યમ થી હૃદયના સ્નાયુને રક્ષણ મળે છે, હૃદયના સ્નાયુઓ ફેલાવા-સંકાચાવામાં મદદ કરે છે, મજ્જાતંતુઓ દ્વારા રક્તવાહિનીઆમાં યોગ્ય દબાણ જાળવવામાં મદદ કરે છે, દાંત સાથે પેઢાને સ્વસ્થ રાખે છે. કેલશ્યમથી બાળકોમાં નીચેનું જડબું મજબૂત બને છે તેથી દાંતનો વિકાસ સારી રીતે થાય છે. તેથી જ બાળકોને કેલશ્યમ ધરાવતા પદાર્થો પૂરતા પ્રમાણમાં આપવા જોઈએ. કેલશ્યમ શરીરના કોષોમાં સ્વાસ્થય માટે પોષક તત્વોની અવરજવર સરળ બનાવે છે, નાના આંતરડાના અંતિમ ભાગમાં વિટામીન $B_{12}$ નું શોષણ કરવામાં મદદ કરે છે.

કેલશ્યમની માત્રા સ્ત્રીઓના શરીરમાં ઓછી હોય તો માસિકકાળ પહેલા અમુક હોર્મોન્સનો સ્ત્રાવ થઈ શકે છે જેને કારણે નિરાશા, ઉત્તેજના, માનસિક, અસ્થિરતા વગેરે થઈ શકે.

કેલશ્યમ ભીંડા, સરગવાની સીંગ અને સરગવાના પાન, બધા ઘેરા લીલા રંગના શાકભાજી, ચોળા, કોબી, બ્રોકોલી વગેરે રાજગરો, મેથી, નાચણી, રાજમા, અસીરીયો, દૂધ અને દૂધની ચીજો, ચીઝ, બટર, સંતરા, બદામ, સિંગોડા, બધી દાળ કઠોળ, સોયાબીન, ટોફુ (સોયાબીનનું પનીર) આ સર્વ ચીજોના ખાવાથી મળે છે કેલશ્યમ માટે વિટામીન 'ડી' પણ જરૂરી છે. સૂરજનો તડકો ચામડી પર સીધો પડે (કાંચમાંથી નહિં) તો શરીર વિટામીન 'ડી' બનાવે. વિટામીન 'ડી' - ફોર્ટીફાઈડ દૂધ, ચીઝ, બટર, સોયાબીન, બદામ, સંતરાનો રસ, રાઈસ મિલ્ક, ખારેક, અંજીર, બ્લેકબેરી, જરદાલુ, કીસમીસ વગેરેમાંથી મળે છે.

**૮) તકમરીયા :** તકમરીયા અત્યંત નાના છતાં પોષક તત્વોથી ભરપૂર હોય છે તેથી જ તેને સુપરફૂડ પણ કહે છે. તે ગરમીના દિવસોમાં ખૂબજ ઉપયોગી થાય છે.

તેમાં ઓમેગા-૩ ફેટી ઓસીક પુષ્કળ પ્રમાણમાં હોય છે જે હાઈ-બી.પી.ને નોર્મલ રાખવામાં મદદ કરે છે અને મગજના વિકાસ માટે તેમજ સાંધા માટે ખૂબજ ઉપયોગી છે. તકમરીયાના લીધે વાળની વૃદ્ધિ સારી થાય છે અને વાળ નિસ્તેજ થતાં અટકે છે. તેમાં ફાઈબર હોવાથી તે પાચનમાં સહાયક થાય છે અને વજન ઘટાડવામાં મદદગાર થાય છે ખોટી ચરબી ઘટાડે છે, કબજીયાત દૂર કરે છે. તેમાં સારા પ્રમાણમાં પ્રોટીન હોવાથી સ્નાયુઓ અને કાષમંડળ (ટીસ્યુસ્) ના બંધારણમાં ઉપયોગી થાય છે.

તકમરીયા લેવાથી પેટમાં ઠંડક થાય છે, એસીડીટીમાં રાહત મળે છે અને સાકરની ઝંખના ઓછી થાય છે, શરીરમાં


**"અનંત સિધ્ધી" ભાંડુપ**
**"શ્રી નરસી નાથા સભાગૃહ" બેન્કવેટ હૉલ**

**મોનોપોલી, બુકીંગ, કેટરીંગ તથા ડેકોરેશન માટે**

**ફક્ત**

ANOKHEE
CATERING & DECORATION

**સંપર્ક : અશોક શામજી ખોના**

**મો. 093210 10180**

**ઑફીસ : 022-2595 9761**

**આપની વાડીમાં પ્રસંગ અનુરૂપ શ્રેષ્ઠ કેટરીંગ કરી આપીશું.**

**નોંધ : આમાં કોઈ ભાગીદાર નથી.**


॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

**KDO શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

### સામાન્ય સભા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની એક સામાન્ય સભા સંવત ૨૦૭૩ ના ફાગણ વદ ૦૪ના **ગુરૂવાર, તા. ૧૬-૦૩-૨૦૧૭ના સાંજના ૬.૩૦ કલાકે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજીના ઉપાશ્રયમાં** નીચે દર્શાવેલ કાર્યસૂચી પર સામાન્ય સભામાં ચર્ચા, વિચારણા અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.

### કાર્યસૂચી

૧. ગત તા. ૨૪-૦૬-૨૦૧૬ની સભાની કાર્યવાહિનું વાંચન અને બહાલી.
૨. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ સંચાલિત 'અનંતછાયા', ઘાટકોપર (ઈસ્ટ) સ્થિત 'શ્રી અનંતનાથજી ગૃહ ચૈત્ય'ના સ્થાને નિર્માણાધીન નૂતન ત્રિશિખરીય દેરાસરજીની અંજનશલાકા - પ્રતિષ્ઠાનો આયોજન કરેલ છે તે બાબત જણાવવા.
૩. પ્રમુખશ્રીની મંજુરી થી કે તેમના દ્વારા જે કાંઈ રજુઆત થાય તે.

એજ લિ. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વતી**
માનંદમંત્રીઓ : **રમેશ હીરજી લોડાયા, ચેતનકુમાર ખીમજી મોમાયા**

**નોંધ :** ૧) સભાના મુકરર થયેલ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨(૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા ક્લાક બાદ તે જ સ્થળે મળશે. ૨) મુલતવી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહીં.

## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**જખૌ કચ્છ, પીન – ૩૭૦ ૬૪૦.**

### જીવદયા પ્રેમી, ઉદારદિલ દાતાઓને આર્થિક સહાયતા કરવા હાર્દિક અરજ

અબડાસાના જખૌ વિસ્તારમાં સામાન્યપણે વરસાદની તંગી વર્તાય છે. જે થકી પાણી અને ઘાસચારાની અછત રહે છે. ચાલુ વર્ષે વરસાદ અપૂરતો અને અનિયમિત હતો. હાલ પાણી અને ઘાસચારાની અછત છે. જે, બહારથી મંગાવવું પડે છે અને બહુજ ખર્ચાળ છે.

જખૌ પાંજરાપોળ વર્ષોથી રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે અને વર્ષોથી જીવદયાની પ્રવૃતિમાં કાર્યરત છે. હાલમાં ૧૬૫થી અધિક અશક્ત, નિરાધાર, વૃદ્ધ, બીમાર નાના-મોટા પશુઓ, ગાય, ભેસ, વાછરડાં, પાડા આદિ આશ્રય લઈ રહ્યા છે. જરૂર પુરતો ચારો, દાકતરી સેવા, દવા, આદિની સવલતો પૂરી પાડવામાં આવે છે. જાનવરોની સાર સંભાળ માટે ૮ કર્મચારી પ્રવૃત છે.

પાંજરાપોળનો વાર્ષિક નિભાવ ખર્ચ અંદાજે રૂપિયા ૩૫ લાખ જેટલો છે. જે આપ સૌ સખી દાતાઓની ઉદાર દાન સહાયતા થી સરભર થઈ રહે છે.

ઢોરોની તંદુરસ્તી, સારસંભાળ તથા પાંજરાપોળના વહીવટ વિશે અબડાસાના મામલતદારશ્રી તથા અન્ય અધિકારીઓ તથા મુલાકાતે પધારતા મહેમાનો દ્વારા સંતોષ વ્યક્ત કરાય છે.

**સર્વે ને સંસ્થાની મુલાકાતે પધારવા વિનંતી છે.**

**બેંક એકાઉન્ટ વિગત :**
**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા**
**શ્રી અરીહંત કો.ઑ. બેંક લી.**, ચીંચ બંદર બ્રાંચ,
એકાઉન્ટ નં.: 004 001 000 558 • **IFSC Code :** ICIC 00 ARIHT.

લી. **મહેન્દ્ર દેવજી ખોના,** મુંબઈ
(મેનેંજીંગ ટ્રસ્ટી)
મો. **09323917075**




સાકરની માત્રા જળવાઈ રાહે છે તેથી ડાયાબીટીઝ ના દર્દી માટે લાભકારક છે, તેમાં લોહ, કેલશ્યમ, પોટેશ્યમ, મેગ્નેશ્યમ વગેરે ખનીજો પુષ્કળ પ્રમાણમાં હોય છે જે આરોગ્ય માટે ઉપયોગી છે. પ્રોટીન અને પુષ્કળ ખનીજો હોવાથી સ્નાયુ મજબૂત થાય છે, તાકાત વધે છે, શરીર સુડોળ થાય છે. નબળા બાંધાવાળી વ્યક્તિને પ્રોટીન મળ્યાથી શરીરનો બાંધો સારો થાય છે.

અહીં આપણે નોંધ કરી એ કે શરીરનો બાંધો પ્રોટીન મળ્યાથી સુધરે અને ખોટી ચરબી ઘટાડે તેથી તકમરીયાનો ઉપયોગ પાતળા તેમજ જાડા માણસ બન્ને માટે લાભકારી છે. તકમરીયામાં ઓમેગા ૩ ફેટીએસીડ, પેન્ટીન અને વિટામીન 'સી' હોવાથી તે કોલેસ્ટ્રોલ ઘટાડે છે. ખાસ કરીને એલડીએલ (ખરાબ) કોલેસ્ટ્રોલ ઘટાડે છે દરરોજ સાસરે પા(૧//૪) ચમચી તકમરીયા લેવા હિતાવહ છે. તકમરીયા પાણીમાં ભીંજવતા તે પાણી ચૂસી ફૂલે છે અને તેને દૂધ, સરબત વગેરેમાં લઈ શકાય.

**૯) પ્રોસેસ્ડ ખાદ્ય :** પ્રોસેસ્ડ ખાદ્ય એટલે બીજા શબ્દોમાં રીફાઈન્ડ ખાદ્ય, ખાદ્ય પર પ્રક્રિયા કરી હોય તે ખાવાની ચીજો, પ્રોસેડ ફૂડમાં મીઠું અને સાકર છૂટા હાથે નાખવામાં આવ છે અને સ્વાદ વધારવા એડીટીવ્સ વાપરવામાં આવે છે, તેઓને લાંબા સમય સાચવી રાખવા પ્રિઝર્વેટીવ કેમિકલ્સ્ નાખવામાં આવે છે. આ બધુ આરોગ્ય માટે જોખમી હોય છે.

આ ખાદ્યો ખાઈને એ લાંબા ગાળે આપણી તબિયત બગાડે તે ૧૦૦% હકીકત છે. આ વસ્તુઓમાં ફાયબર, વિટામીન, ખનીજો એટલે કે શરીર માટે સારા હોય તેવા પોષક તત્વો બહુજ થોડી માત્રામાં હોય છે. મેંદામાંથી બનતી ચીજો બ્રેડ, સફેદ રોટી, નાન, બિસ્કીટ વગેરેનો જુવાર કે ઘઉંની ઘરમાં બનેલી રોટલી-રોટલા ખાવ. હવે ઘણી હોટેલમાં રોટલી-રોટલા પણ મળે છે. ડાયાબીટીઝ ન હોય તેમણે ખાંડ ને બદલે ગોળનો ઉપયોગ જ કરવો (ખાંડ એ પણ પ્રોસેસ કરેલ હોય છે) ગોળમાં વિટામીન અને ખનિજો મળે જે ખાંડમાં નથી. રેડીમેડ કોર્ન ફ્લેક્સ કે વ્હીટ ફેલ્કસને બદલે ઘરમાં બનાવેલ પૌવા, ઉપમા વગેરે વધુ ગુણકારી. પાંઉભાજી કે આલુ પરાઠા બહાર હોટેલ રેંકડી પર ખાવાને બદલે ઘરે બનાવો જેમાં બટર, વેજીટેબલ ઘીને બદલે ઘરે બનાવેલ ઘી વાપરી. હાઈપર માર્કેટ, મૉલ કે દુકાનો પર સમય રીતે સજાવેલા, રંગબેરંગી લલચામણા ચિત્રોવાળા, જાતજાતના દાવા કરતા ફૂડ-પેકેટ, ડબ્બામાં પેક (ટ્રેટાપેક) ફ્રૂટ જ્યુસ કે વેજીટેબલ જ્યુસ પીવાને બદલે તાજા ફળો ખાવ કે તેના જ્યુસ કાઢી પીઓ. તેજ રીતે સુપ-વેજીટેબલ સુપ પણ ઘરે બનાવીને પીઓ. ચીપ્સ કે નુડલ્સ ખાવાને બદલે, મમરા, ચેવડો, સક્કરપારા, મઠીયા ચોરાફળી વગેરે ઘરે બનાવીને ખાવ. બજારની તૈયાર આદુ-લસણની પેસ્ટ, ચીલી પેસ્ટ, ટૉમેટો કેચ અપ ખાવાનું ટાળો અને ઘરે તાજું બનાવી વાપરો અને આરોગ્ય જાળવો.

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

## સાંધવગામે શાંતિદાદાની શિતલ છાયામાં ૧૫૧મી ધ્વજા મહોત્સવ ઉજવાયો

સાંધવ ગામે **પ.પૂ. મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા.**ની શુભનિશ્રામાં મહાસુદ ૧૩ને **તા. ૮-૨-૨૦૧૭ના ૧૫૧મી ધ્વજા મહોત્સવ** ઉજવાયો. સંગીતકાર **શ્રી નિકેશ** ગડાના સથવારે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ.

પુજાનો લાભ **શેઠશ્રી ચાંપશીભાઈ લોડાયા, શેઠશ્રી શામજી દંડ, રસીકભાઈ લોડાયા, નવિનભાઈ લોડાયા, પ્રકાશભાઈ લોડાયા, ઠાકરશી પટેલ, વિરચંદ ખોના, પ્રવિણ મોતા, ગોવિંદજી પટેલ, જયેશ લોડાયા, કલ્પનાબેન દંડ, મિનાબેન દંડ, મુકેશ દંડ, રાજેશ લોડાયા**એ લીધેલ.

મુંબઈથી તેમજ ગાંધીધામ, દેઢીયાતીર્થથી સારી સંખ્યામાં સર્વે પધારેલ. બપોરના મહાજનશ્રી તરફથી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ. રૂા. ૧૫૧૩૧ની પ્રભાવના કરવામાં આવેલ. દરેક જણને **રૂા. ૨૧**ની પ્રભાવના માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા-મુલુંડ **રૂા. ૨૦** (૧) વિમલાબાઈ ખીમજી દંડ (૨) મણીબાઈ કુંવરજી મોતા-ડોંબિવલી (૩) અજીત નવિન લોડાયા-થાણા રૂા. ૨૫ આણંદજી હીરજી ખોના-ગાંધીધામ અને પદમશી કલ્યાણજી ખોના - મુલુંડ. **રૂા. ૧૦** (૧) શ્રી દામજી નરશી દંડ - ભાંડુપ (૨) શ્રી રસિક દેવરાજ લોડાયા - મુલુંડ,(૩) જમકુબાઈ લાલજી પટેલ - મુલુંડ (૪) પ્રકાશ માણેકજી લોડાયા. **રૂા. ૫** વિરચંદ લાલજી પટેલ - ગાંધીધામ. સર્વજણ લાભ લીધેલ.

લી. **પ્રવિણ મોતા** - ડોંબિવલી


**ટીફીન - શુધ્ધ જૈન જમવાનું**

**જુનાગઢ - લાલપુર** જતા આવતા રાજકોટ રેલ્વે સ્ટેશને - બાય રોડ આવતા-જતા જ્ઞાતિજનોને વિનંતી આપ એક ફોન કરશો. **શુધ્ધ જમવાનું ઑર્ડર પ્રમાણે મળશે.**

**જાગૃતિબેન એ. મોમાયા** (રાજકોટ) - **09825979690**

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ ||  || શ્રી શાંતિનાથાય નમઃ ||  || શ્રી સખત માતાજીયે નમઃ ||

# શ્રી સમસ્ત લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની ચતુર્થ સમુહ પહેડી

## સસ્નેહ આમંત્રણ

**શુભ દિવસ : ચૈત્ર વદ ૪, શનિવાર, તા. ૧૫-૪-૨૦૧૭ ● સમય : સાંજે ૪.૦૦ વાગ્યાથી**

**શુભ સ્થળ : કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ**, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**આવ્યો છે શુભ અવસર લોડાયા પરિવારનાં આંગણે, રૂમઝુમ રૂમઝુમ માડી પધારશો મુલુંડને પ્રાંગણે...**
**હરખનાં તેડાને હૈયાનો હોકારો આપવા આમંત્રણ સ્વીકારજો, માડીનાં દર્શન કરવા સપરિવાર પધારજો...**

## માંગલિક કાર્યક્રમો

| | | |
|---|---|---|
| ૧. | નૈવેદ્ય જુહારવાનાં લાભાર્થી | **માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા** (કોઠારા - મુલુંડ) |
| ૨. | માતાજીની આરતીના લાભાર્થી | **શ્રીમતી રશ્મિબેન પ્રતાપ લોડાયા (તેરા - મુલુંડ)** |
| ૩. | માતાજીને તેડી આવવાના લાભાર્થી | **માતુશ્રી મણીબાઈ કલ્યાણજી લોડાયા** (આરીખાણા - ડોંબીવલી)<br>**માતુશ્રી હંસાબેન હીરાચંદ પટેલ** (બાંઢીયા - ઐરોલી) |
| ૪. | માતાજીને પોંખાવાના લાભાર્થી | **માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા** (મોટી સિંધોડી - ડોંબિવલી) |
| ૫. | દિપ-ધુપના લાભાર્થી | **માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા** (રાપર - ઘાટકોપર) |
| ૬. | ફુલહારના લાભાર્થી | **માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા** (બાંઢીયા - ભાંડુપ) |
| ૭. | માતાજીને ચુંદડી ઓઢાડવાના લાભાર્થી | **માતુશ્રી કસ્તુરીબેન કેશવજી લોડાયા** (આરીખાણા - ડોંબિવલી) |
| ૮. | પુજામાં બેસવાના લાભાર્થી | **માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા** (સાંયરા - ડોંબિવલી)<br>**માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા** (સાંધવ - મુલુંડ) |

**સહયોગી દાતાશ્રી : આરીખાણા :** માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા - મુલુંડ, માતુશ્રી ધનલક્ષ્મી રાયચંદ લોડાયા - ઘાટકોપર, માતુશ્રી નવલબાઈ મુલજી લોડાયા - મુલુંડ ● **બારોઈ :** માતુશ્રી હીરાવંતી તિલકચંદ લોડાયા - મુલુંડ ● **બાંઢીયા :** શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા - અમદાવાદ, શ્રી હીરજી શીવજી લોડાયા - મુલુંડ, માતુશ્રી લાખબાઈ આણંદજી લોડાયા - નાશીક ● **મોટી ખાવડી :** શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા - થાણા, શ્રી મોતીલાલ દેવજી લોડાયા - ઘાટકોપર, શ્રી ગીરીશ ખીમજી કરમશી શાહ - મુલુંડ, શ્રી શાંતિલાલ શામજી શાહ - મસ્જીદ, માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા - ઘાટકોપર ● **નલિયા :** માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા - મુલુંડ ● **સાંધવ :** અ.સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા - ઘાટકોપર, માતુશ્રી જમકુંબેન લાલજી પટેલ - મુલુંડ, માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા - મુલુંડ, માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ - મુલુંડ, માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા - મુલુંડ, માતુશ્રી ધનબાઈ દેવરાજ લોડાયા - મુલુંડ, માતુશ્રી પ્રકાશ માણેકજી લોડાયા - થાણા, માતુશ્રી ભવાનજી રાઘવજી લોડાયા - મુલુંડ, શ્રી પ્રવિણભાઈ માણેકજી લોડાયા - થાણા ● **વારાપધર :** શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા - વાપી, શ્રી ટોકરશી રતનશી લોડાયા - ડોંબિવલી, શ્રી અરવિંદ લાલજી લોડાયા - ગાંધીધામ ● **સુથરી :** માતુશ્રી હેમલતાબેન નલિનકાંત પીર - મુલુંડ, શ્રી મયુર ખીમજી પીર - ભાંડુપ, શ્રી મહેશ લક્ષ્મીચંદ લોડાયા - મુલુંડ, માતુશ્રી હેમલતાબેન પ્રતાપ લોડાયા - મુલુંડ, શ્રી કિર્તીભાઈ પદમશી લોડાયા - મુલુંડ ● **સુજાપુર :** શ્રી મુલજી પુનશી લોડાયા - ભાંડુપ ● **વરાડીયા :** માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા - ડોંબિવલી ● **વાંકુ :** શ્રી ભવાનજી દેવશી લોડાયા - મુલુંડ ● **સાંધણ :** માતુશ્રી દેવકાંબાઈ શામજી લોડાયા, હ. ઉત્તમ - કલવા ● **જખૌ :** શ્રી સુરેશ શિવજી લોડાયા - મુલુંડ ● **ભરૂડીયા :** માતુશ્રી પ્રભાવતી મુલજી લોડાયા - મુલુંડ ● **સાંયરા :** શ્રી મધુકાંત ઝવેરચંદ લોડાયા - માટુંગા, માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ લોડાયા - રાયપુર, શ્રીમતી જયાબેન શાંતીલાલ લોડાયા - મુલુંડ, શ્રી ઝવેરચંદ અરજણ લોડાયા - મુલુંડ, માતુશ્રી ધનબાઈ શીવજી લોડાયા, હ. હંસકુમાર - ઘાટકોપર, શ્રીમતી મધુરીબેન દિનેશ લોડાયા - ઘાટકોપર - મુલુંડ, માતુશ્રી પ્રેમીલાબેન પદમશી લોડાયા - વાશી ● **દલતુંગી :** માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા - ડોંબિવલી ● **ગોરખડી :** માતુશ્રી ચંપાબાઈ રાયચંદ લોડાયા, હ. નરેન્દ્ર - ઈન્ડોનેશીયા ● **કોઠારા :** માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ લોડાયા - વાશી, માતુશ્રી પ્રેમાબાઈ લાલજી લોડાયા (અજાણી) - મુલુંડ, માતુશ્રી કાંતાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) - ઘાટકોપર, માતુશ્રી જયાબેન ટોકરશી લોડાયા - ડોંબિવલી, શ્રી જીવરાજ ચાંપશી અજાણી - ચેન્નઈ ● **મંઝલ રેલડીયા :** માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા - ડોંબિવલી ● **રાપર ગઢવારી :** માતુશ્રી મણીબાઈ નરશી લોડાયા, હ. લહેરચંદ - ડોંબિવલી, શ્રી વિરચંદ નરશી લોડાયા - મુલુંડ, અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા - ભાંડુપ ● **નાની ખાવડી :** માતુશ્રી સોનબાઈ કાનજી લોડાયા, હ. પ્રફુલભાઈ - આકોલા

**નોંધ : સહયોગી દાતાશ્રીમાં આપના પરિવારનુ નામ લખાવવા સંપર્ક કરવા વિનંતી.**

**શ્રી સમસ્ત લોડાયા પરિવાર કુલદેવી શ્રી સચ્ચાઈ માતાજી સમુહ પહેડી સમિતિ**

સંપર્ક : **શ્રી ગોવિંદજી પટેલ - 09820540949 વિરેન્દ્ર લોડાયા - 09829093830 ના જય માતાજી**

## જય શ્રી અંબેમા કચ્છ - લાલા

શ્રી નાગડા પરિવારના કચ્છ-લાલા ગામમા બિરાજમાન શ્રી અંબેમા ને નમતા ભાવિકો તરફથી સમુહ પહેડીનું આયોજન કરેલ છે. **તા. ૨૪-૬-૨૦૧૭ના સાંજે ૬ વાગે** મંદિરમાં શ્રી ઘણી બાવાની પાઠ થશે. **તા. ૨૫-૬-૨૦૧૭ અષાઢી બીજ**ના સવારના નવ વાગે શ્રી માતાજીને પહેડી ધરાવીશુ આ પ્રસંગે ભાવિકો તેમજ નિયાણી બહેનો સહકુટુંબ પધારશોજી. આપના આગમનની આગોતરી જાણ કરશોજી વ્યવસ્થા સાચવવા સુગમતા રહે.

પ્રમોદ મુલજી નાગડા - 09098028800 સોમચંદ વશનજી નાગડા - 09833816131

વિભય મણિકાંત નાગડા - 09004418009 પ્રફુલ દેવજી નાગડા - 09322220204





## અભિનંદન

**શ્રીમતી નેહલ અમર ખોના**

ઘાટકોપર

ક.દ.ઓ. નારી શક્તિનું

પ્રતિક સેવા કરી

હર ક્ષેત્રે મેળવો સફળતા

**શ્રીમતી કોકિલા કિશોર સોની પરિવાર**

સાંયરા - મુલુંડ


**૧૦) ઉંઘ લાવે તેવા ખાદ્ય : ૧) હુંફાળું દૂધ :** સંશોધનમાં જણાયું છે કે ૧ ગ્લાસ હુંફાળુ દૂધ સાંઝના જમણ વખતે કે રાતના સુતી વખતે લેવાથી ઉંઘ સારી આવે છે દૂધ સાથે વધુ કાર્બોદિત પદાર્થ ધરાવતા ખાદ્ય જેવાકે ઑટમીલ, ગ્રેનોલ અને લેવાથી એ વધુ અસરકારક છે તેમ સંશોધનમાં જણાયું છે. દૂધનાં રહેલ કેલશ્યમ અને બીજા ખનીજો ભરપૂર માત્રામાં હોવાથી તે રીલેક્ષીંગ અસર કરે છે. **૨) બદામ :** બદામમાં મેગ્નેશ્યમ પુષ્કળ હોવાથી તે સ્નાયુઓને ઢીલા કરે છે, તાણ રહિત કરે છે અને ઉંઘ લાવવામાં મદદ કરે છે. તેમાં રહેલ પ્રોટીનને લીધે તે લોહીમાંની સાકરનું પ્રમાણ એકજ સ્તર પર જાળવે છે અને એડ્રિનલિન ના જાગૃત ચક્રને બદલે આરામ ચક્ર અંતે પાચન ચક્રને ચલાવે છે. **૩) આખું અનાજ :** ઓછી સાકર અને આખા અનાજ વાળો ખોરાક ઉંઘ લાવવામાં મદદ કરે છે. આખા અનાજમાં રહેલ કોમ્પ્લેક્સ કાર્બોદિત પદાર્થ લોહીમાં ટ્રીપ્ટોફેનનું પ્રમાણ વધારે છે જે ઉંઘ લાવવામાં મદદ કરે છે. **૪) ચોખ્ખું મધ :** શુધ્ધ મધનો ખોરાકમાં ખાદ્ય તરીકે ઉપયોગ કરીએ તો એ પુષ્કળ કુદરતી સાકરનો સ્ત્રોત બને છે જે મગજને જાગૃત રાખતા 'ઑરેક્સીન' નામના કેમિકલનું ઉત્પાદન અટકાવે છે અને ઉંઘ લાવે છે. પણ શુધ્ધ મધ ત્રણ ચમચી/૧ ચમચી (૧૫ મી.લી.) થી વધું ન લેવું. શુધ્ધ મધ હુંફાળા દૂધમાં નાખી લેવાથી સારી ઉંઘ આવે છે. ફક્ત મધ પણ ચાટી શકાય. **૫) સક્કરીયા :** પોટેશ્યમ અને કોમ્પ્લેક્સ પ્રોટીનથી ભરપૂર સક્કરીયા સ્નાયુઓને રીલેક્સ કરે છે તેથી ઉંઘ સારી આવે છે. **૬) કેળા :** કેમીકલના પાણીમાં ડુબાડ્યા વગરના એટલે કે વખારમાં પકવેલા કેળા મળતા હોય તો તેનો ખાવામાં ઉપયોગ કરવાથી, તેમાં રહેલ ભરપૂર પોટેશ્યમને લીધે સ્નાયુઓ ત્રાણ રહીત થાય છે. એમાં વિટામીન $B_2$ ભરપૂર હોય છે જે શરીરમાં 'મેલાટોનીન'નું પ્રમાણ વધારે છે જે જુની અનિદ્રાની તકલીફ દૂર કરે છે. **૭) ચેરી :** રોજ ચેરીનો રસ લેવાથી પુષ્કળ 'મેલાટોનીન' મળે છે જે શરીરના ઉંઘ અને શક્તિના ચક્રને નિયમિત કરે છે અને આમ શાંત ઉંઘ આવે છે. **૮) દ્રાક્ષ :** દ્રાક્ષમાં પણ પુષ્કળ મેલાટોનિન હોય છે. જેના ઉપયોગથી ઉંઘ આવવામાં મદદ થાય છે. આ સર્વે ખાદ્યમાં જે ઉપલબ્ધ હોય તેનો ઉપયોગ કરી અનિદ્રા માટે ઉંઘની ગોળીઓ લેવાને બદલે કુદરતી રીતે આ તકલીફને દૂર કરો. તે ઉપરાંત સુતી વખતે સવાશન કરવાથી મન-મગજ શાંત થશે અને શરીરના બધા સ્નાયુઓ તાણ રહીત થશે અને ઉંઘ આવશે. આ સર્વ ઉપરાંત ખાસ ધ્યાન રાખો કે દિવસના મહેનતના કામકાજ, ચાલવાનું કે કસરત કરીએ, મન શાંત રાખીએ, ચિંતા તાણથી દૂર રહીએ, સંતોષી બનીએ, ઈર્ષ્યા વેરભાવ થી દૂર રહીએ તેમજ ઉંઘવાના રૂમમાં નિરવ શાંતિ અને સંપૂર્ણ અંધારું હોય અને શરીરમાં બિમારી ન હોય તો શાંત અને પુરતી ઉંઘ આવશે જ. ચોક્કમ સમયે સુવાના અને ઉઠવાના નિયમ પાળીએ અને દિવસના વધુ ઉંઘ ન કરીએ. તો જાગૃતચક્ર અને નિદ્રાચક્ર શરીરમાં વ્યવસ્થિત ચાલશે.


## મહેતાજી જોઈએ છે

વડોદરા ક.દ.ઓ. જૈન સમાજના દેરાસર, ઉપાશ્રય,
વિવિધ લક્ષી હોલના કામકાજ માટે કૉમ્પ્યુટર એકાઉન્ટ જાણકાર
અનુંભવી મહેતાજી - સંપુર્ણ બાયોડેટા સાથે અરજી કરો

**શ્રી ક.દ.ઓ. જૈન સમાજ - વડોદરા**

પ્રમુખ શ્રી હિરેન્દ્ર કાન્તિલાલ મોતા

**ટીકીટાર ઈન્ડસ્ટ્રીઝ,**

8 મો માળ, નેપ્ચુન ટાવર,અલકાપુરી, વડોદરા-390007



**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી**

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



**કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976**

# લ્યો, તમે કહો તો હાર્યા !

- હરિશ્ચંદ્ર



આકાશે તાળું ખોલ્યું અને ઘરમાં આવ્યો. ઘર કેવું ? બેચલર્સની રૂમ ! આઠ દિવસથી એ અહીં રહેતો હતો. બીજા ત્રણમાંથી હજી કોઈ આવ્યું નહોતું. આકાશને પોતાના ઘરની, અસ્મિતાની બહુ યાદ આવી. પણ સાથે જ તેનો ચહેરો ગંભીર થઈ ગયો. 'મારું ઘર હોત તોયે હું આવી જ રીતે તાળું ખોલી અંદર ગયો હોત. શું ફરક પડત ? અસ્મિતા કાંઈ ઘરે ન હોત.' - આ વિચારથી એ વ્યાકુળ થઈ ગયો. બૂટ કાઢી કપડાં બદલ્યા વિના જ એ પથારીમાં પડ્યો. એની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

એને થયું, પોતે બધું જ હારી ગયો. અત્યાર સુધી એની જીત જ જીત થતી રહી હતી. ઉચ્ચ શિક્ષણ મેળવ્યું, મોટી નોકરી મળી, ખૂબ પૈસા મળતા થયા, અસ્મિતા જેવી તેજસ્વી પત્ની મળી. હવે આનાથી વધુ બીજું જોઈએ શું ? પરંતુ હમણાં હમણાંનું એને કશુંક ઓછું આવતું હતું. આ તે કાંઈ ઘર છે ? આ તે કાંઈ સંસાર છે ? બે રૂમ-પાર્ટનર રહેતા હોય તેમ બંને રહે છે. હું મારા ઑફિસના સમય પ્રમાણે આવું-જાઉં છું, અસ્મિતા એના ઑફિસના સમય પ્રમાણે આવે-જાય છે. અસ્મિતા પણ જવાબદારીભર્યા હોદ્દા ઉપર છે. એને ઑફિસેથી આવતાં મોડું થાય છે. પોતે તાળું ખોલી ઘરમાં આવવાનું અને એની વાટ જોતાં બેસવાનું !

ક્યારેક એ અસ્મિતાને કહેતો, 'તુ શું કામ નોકરી પાછળ આટલી દોડધામ કરે છે ? બહુ પૈસાને શું કરવા છે ? નોકરી છોડી દે ને ! મારી કમાણી પૂરતી છે.'

અસ્મિતા હસી કાઢતી, 'નોકરી ? મારી તો એ કેરિઅર છે. નોકરી છોડીને હું શું કરું ? સવાર-સાંજ રસોઈ કરું, ઘર સજાવું, બપોરે ઊંઘું ને ટીવી સીરિયલ જોઉં, સાંજ પડ્યે સજી-ધજીને તારી વાટ જોતી બેસું. તારે મને ટિપિકલ ગૃહિણી બનાવી દેવી છે ?' ના, એવું તો આકાશેય ઈચ્છતો નહોતો. પોતોની પત્ની આટલી આગળ વધેલી છે, આટલી તેજસ્વી છે, તેનો તેનેય ગર્વ હતો. તે પ્રેમાળ પણ બહુ હતી. નોકરી સાથે ઘરનુંયે પૂરતું ધ્યાન રાખતી, અને એની તો ઝીણી-ઝીણી કાળજી રાખતી. છતાંયે પોતાને શું ઓછું આવતું હતું, તે આકાશનેય સમજાતું નહોતું.

તેમાં એક દિવસ જાણ થઈ કે અસ્મિતા પ્રેગ્નન્ટ છે, અને આકાશ આનંદથી ઊછળી પડ્યો. પણ અસ્મિતા એટલી જ નિરાશ હતી, હતાશ હતી. 'બે વરસમાં આ શું ? આપણે નક્કી કરેલું કે કમ સે કમ ત્રણ વરસ સુધી તો બાળક ન જોઈએ. આટલી વારમાં મારે આમાં નથી પડવું. મારી કેરિયરનું શું ? મારું પ્રમોશન પણ અટકશે.' આકાશને ભારે ધક્કો લાગ્યો. પોતાને આટલો આનંદ થાય છે, અને આને મા થવાનો આનંદ નથી ? એ કેરિઅરનું વિચારે છે ? પણ અસ્મિતાએ તો નક્કી જ કરી લીધું: 'ના ભઈ ના. હમણાં એકાદ-બે વરસ તો નહીં જ. હું ઍબોર્શન કરાવી નાખીશ.' આકાશ તો આ કલ્પનાથી જ ધ્રૂજી ઊઠ્યો. કેરિઅરની વચ્ચે આવનારાનો નિકાલ કરી નાખવા જેવું જ આ નથી ? એક જીવને મારી નાખવાનો ? આટલા ક્રૂર અને નિષ્ઠુર કેમ થવાય ?

*ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે,*
*બુકાની છોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.*

અસ્મિતા પ્રેગ્નન્ટ છે તેની જાણ થઈ કે પોતે તો બાળકથી કિલ્લોલતા ઘરનાં ને ભર્યા ભર્યા સંસારનાં સપનાં જોવા લાગ્યો હતો. અને અસ્મિતા એ સપનાં સાવ રોળી નાખવા તૈયાર થઈ છે!

ઘરમાં વાતાવરણ તંગ થઈ ગયું. બે વરસમાં બંને વચ્ચે ક્યારેય નહોતી થઈ એવી ઉગ્ર બોલચાલ થઈ ગઈ. ગુસ્સામાં બંનેએ એકબીજાને ન કહેવાનુંયે કહી નાખ્યું....

'આ બાળક મારુંયે છે, તારી એકલીનું નહીં. તું એકલી આવો નિર્ણય ન લઈ શકે.'

'નવ મહિના પેટમાં રાખવાનું છે મારે. પછીયે પરવરીશ કરવાની છે મારે. નોકરીમાં ખાડો પાડવાનો છે મારે. તારી જિંદગીમાં કશો ફરક પડવાનો નથી.'

'તને બાળક ન જોઈતું હોય, તો મનેય તું નથી જોઈતી!'

'મને ઘરકૂકડી બનાવી મૂકવા માગતો ધણી મનેય નથી ખપતો...'

તે રાતે બહુ ઝઘડો થયો. બંને જુદા જુદા રૂમમાં જઈને સૂતાં. સવારે એક-બીજાની સામેય જોયા વિના ઑફિસે ગયાં. બપોરે ઑફિસે અસ્મિતાનો ફોન આવ્યો : 'ડૉક્ટરની એપોઈન્ટમેન્ટ લીધી છે. ઑફિસેથી સીધી હોસ્પિટલે જઈશ. ઘરે આવતાં મોડું થશે.' આકાશે ગુસ્સામાં ધડ દઈને ફોન મૂકી દીધો. ધૂંઆપૂંઆ થતો આકાશ ઘરે ગયો. પોતાની બેગ ભરી અને ત્રણ બેચલર મિત્રો રહેતા હતા, ત્યાં આવી ગયો.

આજે આ વાતને આઠ દિવસ થઈ ગયા. પથારીમાં પડ્યા-પડ્યા છેલ્લા દિવસોની બધી ઘટનાઓ યાદ આવી. આંખેથી આંસુ વહેતાં રહ્યાં. સાથે જ ગુસ્સોયે વહી ગયો અને અસ્મિતાની બહુ યાદ આવવા લાગી. ભરપૂર પ્રેમભર્યા બે વરસના અનેક-અનેક પ્રસંગો ચિત્રપટની જેમ આંખ સામેથી પસાર થઈ ગયા.... અસ્મિતા શું કરતી હશે ? મને યાદ કરતી હશે ?... તેણે શું કામ આવી હઠ લીધી ?... જો કે બાળક ક્યારેય નથી જોઈતું, એવું એ ક્યાં કહે છે ? તો હુંયે શું કામ હઠ કરું છું ?.... બસ, 'આ બાળક નહીં, તો મને તુંયે નહીં', એવું કહેવાય ?.... ઍબોર્શન કરાવતાં અસ્મિતાને કાંઈ થઈ તો નહીં ગયું હોય ને ! આટલા દિવસમાં એનો ફોન પણ ન આવ્યો !.... અસ્મિતાની ચિંતામાં હવે આકાશ વ્યાકુળ-વ્યાકુળ થઈ ગયો. તે ઊઠ્યો. બૂટ પહેર્યા. સીધો ઘરે પહોંચ્યો. બારણે તાળું નહોતું. એટલે કે અસ્મિતા ઘરે જ છે. ઘડીભર એ ખમચાયો.... મારે હાર માની લેવી ? પતિ-પત્નીના નાતામાં વળી હાર શું ને જીત શું ?... એમ કરતાં-કરતાં એનો હાથ બેલ પર ગયો.

બારણું ઊઘડ્યું. સામે અસ્મિતા. ક્ષણભર બંને એકબીજાને જોતાં રહ્યાં અને પછી ભેટી પડ્યાં. બંનેની આંખેથી અશ્રુ વહી રહ્યાં. અસ્મિતા ડૂસકાં ભરતી-ભરતી બોલી : 'મને છોડીને ગયો ને એકલી ?.... તે દિવસે મને થયું, હોસ્પિટલે એકલી નહીં જાઉં. તને ફરી સમજાવીને તારી સાથે જ હોસ્પિટલ જઈશ. એમ માની ઑફિસેથી ઘરે આવી.... પણ ઘરમાં તું નહીં, તારો સામાન નહીં.... તને મેં આટલો બધો નારાજ કરી નાખ્યો !.... હું હોસ્પિટલ ગઈ જ નહીં....'

'તો આટલા દિવસ ફોન ન કર્યો ?'

'ક્યાં કરું ? તું ક્યાં છે, મને ક્યાં ખબર ?.... પણ મને હતું કે તું આવશે જ.'

'ખરેખર! મને માફ કરી દે.' કહી આકાશ એને પસવારતો રહ્યો.

***(શ્રી રાજશ્રી રાજવાડે કાળેની મરાઠી વાર્તાને આધારે).***

* * *

*કહો તો આ બધાં પ્રતિબિંબ હું હમણાં જ ભૂંસી દઉં,*
*અરીસો ફોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.*

# હજુ એક આવતી કાલ બાકી છે

- સૌરભ શાહ

**'અપને મન કા હો જાયે તો અચ્છા,**
**ન હો જાયે તો જ્યાદા અચ્છા'**




કોઈકે કહ્યું હતું કે માણસ પાસે લાંબી મુદતનાં વિશાળ લક્ષ્યો હોવાં જોઈએ જેથી ટૂંકા ગાળાની નિષ્ફળતાઓની હતાશા બહુ લાંબી ન ચાલે. રાતોરાત કશું જ નથી સર્જાતું. રાતોરાત કશું જ વિખેરાઈ જતું પણ નથી. જે વિખેરાઈ જતું લાગે એને સાચવી શકાય છે, જો લાંબા ગાળા પછી આવનારી મંઝિલો વિશે મનમાં સ્પષ્ટતા હોય તો. ભવિષ્યનું સપનું ન હોય તો આજે બની રહેલી દુર્ઘટનાઓ ડેડ-ઍન્ડવાળા રસ્તાઓ જેવી લાગવાની. દૂરના ભવિષ્ય વિશે કરેલી નક્કર કલ્પનાઓ જ રોજિંદા અકસ્માતોથી થતા ઘા ઝીલવાની શક્તિ આપવાની. કોઈ વિશાળ હેતુ નહીં હોય તો રોજબરોજ ખેલાતી નાની નાની લડાઈઓને કારણે હોકાયંત્ર તૂટી જ જવાનું. પછી દિશાઓ ક્યાંથી સૂઝશે ?

ક્યાં જવું છે એ દિશા નક્કી હોય પછી હોકાયંત્રનીય જરૂર રેહતી નથી. એ તૂટતું તો ભલે તૂટતું. પણ એ પહેલાં દિશા નક્કી થઈ ગઈ હોવી જોઈએ. એ દિશા તરફનું પ્રથમ પગલું મંડાઈ ચૂક્યું હોવું જોઈએ. દિશા શોધવામાં અને જડેલી દિશા પર પગલું માંડવામાં સૌથી મોટો અવરોધ મનની અનિર્ણયાત્મક દશાને કારણે સર્જાય છે. અવઢવની પરિસ્થિતિ અત્યાર સુધી લેવાઈ ચૂકેલા કેટલાક સાચા, કેટલાક ખોટા નિર્ણયોને કારણે ઊભી થાય છે. કયો નિર્ણય સાચો પુરવાર થશે ને કયો ખોટો એની પહેલેથી જ ખબર પડી જતી હોત તો આ દુનિયા દરેકને માટે સ્વર્ગ કરતાં વધુ સુંદર બની ગઈ હોત. પણ એવું થતું નથી. નિર્ણયો અમલમાં મુકાયા પછી જ સાચા કે ખોટા પુરવાર થતા હોય છે. હકીકતોની કસોટીએ ન ચડેલા નિર્ણયો માત્ર એક કન્સેપ્ટ બનીને, વિચાર બનીને, રહી જાય છે અને વખત જતાં વરાળ બનીને ઊડી જાય છે હવામાં.

વર્ષોથી અનુભવ્યું હશે કે આસપાસની વ્યક્તિઓએ તમે જાહેર કરેલા અનેક નિર્ણયોનો પ્રગટ કે અર્ધપ્રગટ વિરોધ કર્યો હોય. એ નિર્ણય ખોટો પુરવાર થયો હોય ત્યારે, અમે તો પહેલેથી જ કહેતા હતા ના ભાવ સાથે તમને ભોંઠપ અનુભવતા કરી દીધા હોય. નિર્ણય સાચો પડ્યો હોય ત્યારે એ વિશે એમણે અવગણના કરી હોય, અને કોઈ કશું જ બોલ્યું કેમ નહીં એવું વિચારીને તમે એમની ચુપકીદીને કારણે સાચા પડેલા નિર્ણયમાંથી આનંદ મેળવવાનું માંડી વાળ્યું હોય, એવું પણ બન્યું હશે. ભૂતકાળની આવી પાર્શ્વભૂમિ સર્જાઈ હોય ત્યારે, આવી રહેલા વખત માટેનો નિર્ણય લેવાનું કામ સહેલું નથી હોતું. છતાં આ તરફનો કે પેલી બાજુનો - નિર્ણય લેવાનો છે. રસ્તાની વચ્ચોવચ મૂંઝવણભેર ઊભા રહી જવાથી બેઉ બાજુએથી આવતી ગાડીઓ તરફથી ખતરો રહેવાનો. એક વખત નિર્ણય લઈ લીધા પછી એના

*કમળ-તંતુ સમા આ મૌનને તું તોડ મા નાહક,*
*ફરીથી જોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.*

અમલ માટે પાછું વળીને જોયા વગર મંડી પડવાનું, ધાર્યું પરિણામ આવશે જ એમ માનીને. આમ છતાં, તમામ પ્રયત્નો પછી ધાર્યું પરિણામ ન આવ્યું તો ? સ્વર્ગસ્થ કવિ હરિવંશરાય બચ્ચને કોલેજમાં ભણતા એમના મોટા પુત્રને કહ્યું હતું : 'અપને મન કા હો જાયે તો અચ્છા; ન હો જાયે તો જ્યાદા અચ્છા!'

એકાદ નિર્ણય ખોટો પડવાથી કશું જ બગડી જતું નથી. ફરીથી સુધારી શકાય છે. તમામ નિર્ણયો ખોટા પડવાથી પણ આસમાનો તૂટી પડતાં નથી. નવેસરથી એક-એક ઈંટ ગોઠવી શકાય છે. નિર્ણયો સાચા પડે તો સારું છે, સાચા ન પડે તો વધારે સારું છે, કારણ કે ખોટા પુરવાર થયેલા નિર્ણયો જરા વાર અટકીને નવેસરથી વિચારવાની તક આપે છે. આગળ આવનારા વધુ મોટા ખતરાઓથી બચવા માટે જ માર્ગ પર આડશો બાંધેલી હોય છે. આવું બને ત્યારે રસ્તો ખોટો પસંદ કર્યો છે એવો અફસોસ ન થાય. થોડા પાછા ફરીને ડાયવર્ઝનવાળા રસ્તે, આગળ એ જ દિશામાં, જવું પડે તો એવા નાના સરખા વિલંબને ઘણી મોટી આપત્તિઓમાંથી ઊગરી જવાનો સંતોષ લઈ લેવાનો હોય.

આસપાસની દુનિયા જેવી છે એવી જ રહેવાની, દેશની પરિસ્થિતિ પણ નિરાશાજનક રહેવાની. એ બધી નિરાશાઓનો પડછાયો ક્યાં સુધી પડતો રહેવા દેવાનો જીવન પર. ડચ યુનિવર્સિટીએ હૅપી લાઈફ એક્સપેક્ટન્સી નામનો એક નવો શબ્દપ્રયોગ રમતો મૂકીને વિશ્વના દેશોની પ્રજાનો હૅપિનેસ ઈન્ડેક્સ તૈયાર કર્યો છે, શેરબજારના સેન્સેક્સ જેવો. દેશના નાગરિકનું સરેરાશ આયુષ્ય, નાગરિકના પોતાના મતે પોતાની ક્વૉલિટી ઑફ લાઈફ કેવી છે એ વિશેનો અભિપ્રાય અને અન્ય એવાં માપદંડો લઈને આ હૅપિનેસ ઈન્ડેક્સ તૈયાર થયો છે. ટૉપ ટેનમાં આઈસલેન્ડ, સ્વીડન, બેલ્જિયમ ઈત્યાદિ છે. બ્રિટન-અમેરિકાનો પણ માંડ ટૉપ ટેનમાં સમાવેશ થયો છે. લાસ્ટ ટૅનમાં ભારત છે, નાઈજિરિયા-બલ્ગેરિયા જેવા ચિરકુટ દેશોની સંગતમાં.

તો આ તો રહેવાનું જ. રોજનાં છાપાં વાંચીને કે ટીવી પરના સમાચારો જોઈને દેશની કથળતી જતી પરિસ્થિતિનું વાદળ ક્યાં સુધી ઝળૂંબવા દેવાનું માથા પર ? દેશ માટે જે થઈ શકે તે કરીએ અને ન કરી શકીએ એમ હોય તો કમસે કમ જાત માટે જેટલું થઈ શકે છે એટલું તો કરીએ. હિંદી ફિલ્મોમાં કેટલાક ઉમદા કિરદારો નિભાવી જનાર કેરેક્ટર ઍક્ટર ડૅવિડ પાસે કોઈ નવોદિત સલાહ માગવા જતો ત્યારે ડૅવિડ સલાહ આપતા : 'ફિલ્મલાઈનમાં રહેવા છતાં એનાથી દૂર રહેજે, બચ્ચા.' જીવનના દરેક ક્ષેત્ર માટે આ સલાહ સાચી છે. કામધંધામાં કે સંબંધોમાં ખપ પૂરતી નિસબત રાખીને બાકીની બાબતોએ અલિપ્ત થઈ જતાં જેમને આવડ્યું છે તેઓ પોતાના જીવનને ખૂબ ઊંચી કક્ષાએ લઈ જઈ શક્યા છે. આગળપાછળની ઝાઝી લપ્પનછપ્પન કર્યા વિના અને કોઈનેય કનડયા વિના જે કરવું છે તે કરવાનું અને કરતી વખતે બચ્ચનજી સલાહ યાદ રાખવાની: ન હોય જાયે તો જ્યાદા અચ્છા. પોતાનું ધાર્યું ન થયું એનો અર્થ એ જ કે કોઈક બીજાનું ધાર્યું તો થયું જ. આ કોઈક બીજું કોણ છે ? એને જે નામ આપો તે. એટલું નિશ્ચિત કે એ આપણા કરતાં વધુ શક્તિશાળી તો છે જ. કદાચ સર્વશક્તિશાળી છે. તો પછી આપણા બદલે એનું ધાર્યું થતું હોય એનો રંજ શું કામ ? આખરે તો આ દુનિયા જ એણે સર્જી છે. એને હક્ક છે પોતાનું ધાર્યું કરવાનો. આપણને માત્ર હક્ક છે આપણું ધાર્યું થાય એ માટેનો પ્રયત્ન કરવાનો. આવા દરેક પ્રયત્ન માટે એક-એક આવતી કાલ છે. એકાદ વર્ષ પૂરું થઈ જવાથી આવતી કાલો ખલાસ થઈ જતી નથી.

* * *

*આ સપનું તો બરફનો સ્તંભ છે, હમણાં જ ઓગળશે,*
*હું એને ખોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.*

# પ્રેમ, મહાન પ્રેમ !

**- ડૉ. આઈ. કે. વીજળીવાળા**



ઘણા વખત પહેલાંની વાત છે. એક અતિ સુંદર ટાપુ પર બધી લાગણીઓ અને ગુણો સરસ મજાનાં ઘર બનાવીને રહેતાં હતાં. સુંદરતા, આનંદ, ઉદાસીનતા વગેરે એકબીજાની બાજુ બાજુમાં રહેતાં હતાં. એ બધાથી દૂર સાવ છેવાડાના ઘરમાં પ્રેમ રહેતો હતો.

એક દિવસ સવારે એક પરીએ આવીને બધા ટાપુવાસીઓને કહ્યું કે તે દિવસે સાંજ સુધીમાં ટાપુ ડૂબી જશે. દરિયાને તળિયે બેસી જશે. બધી જ લાગણીઓ તેમ જ ગુણોએ પોતપોતાની હોડીઓ લઈને ટાપુ પરથી પ્રયાણ શરૂ કરી દીધું. ફક્ત પ્રેમ શાંતિથી આંટા મારતો હતો. જાણે એને જવાની કોઈ જ ઉતાવળ ન હોય એમ એ ફરતો હતો. બધાંને નવાઈ લાગી. પણ સૌ પોતપોતાની રીતે ભાગવાની પેરવીમાં હતાં. એટલે પ્રેમની પંચાત કરવા કોણ બેસે ? હકીકતમાં પ્રેમને આ ટાપુ પર ખૂબ જ વહાલ હતું. એ છેલ્લી ક્ષણ સુધી ટાપુની જોડે રહેવા માંગતો હતો.

જેમ જેમ સાંજ પડવા લાગી તેમ તેમ ધીમે ધીમે ટાપુ પાણીમાં ડૂબવા લાગ્યો. પ્રેમે ટાપુને ખૂબ જ વહાલ કર્યું. એની જમીનના કણે કણને એણે વહાલથી નવડાવી દીધો. આખો ટાપુ પ્રેમ પ્રેમ થઈ ગયો. હવે પાણી વધવા લાગ્યું. જ્યારે પ્રેમના ઘૂંટણ પાણીમાં ડૂબવા લાગ્યા ત્યારે એને થયું કે હવે ટાપુ છોડીને જવાનો સમય આવી ગયો છે. પણ પ્રેમ પાસે તો હોડી પણ નહોતી. મદદ માટે બૂમ પાડવી તો કોને પાડવી ? બસ, તે જ વખતે ત્યાંથી સમૃદ્ધિની હોડી નીકળી. પ્રેમે પૂછ્યું કે, 'બહેન સમૃદ્ધિ ! તું મને તારી હોડીમાં જોડે લઈ જઈશ ? નહીંતર હમણાં જ હું ડૂબી જઈશ.... ' સમૃદ્ધિએ પોતાની હોડીમાં એક નજર નાખીને કહ્યું કે, 'માફ કરજો પ્રેમ ! મારી આખી હોડી સોના, ચાંદી તેમજ હીરાઝવેરાતથી ભરેલી છે. એમાં તારા માટે ક્યાંય જગ્યા જ નથી !' આટલું કહીને પ્રેમ તરફ બીજી નજર પણ નાખ્યા વિના સમૃદ્ધિ ચાલી ગઈ.

એની પાછળ પાછળ હોડીને લઈને આવતી સુંદરતાને હાથ હલાવીને પ્રેમે જોરથી બૂમ પાડી, 'હે સુંદરતા ! તું મને તારી હોડીમાં લઈ જઈશ ?' પોતાની જાત પર અને પોતાની હોડી પર મગરૂર એવી સુંદરતાએ કહ્યું, 'માફ કરજે પ્રેમ ! તું એટલો ભીનો છે કે મારી આ સુંદર હોડીને બગાડી નાખીશ. આમેય મને બધું સુંદર ચોખ્ખું જ ગમે છે તે તું પણ જાણે જ છે !! મને આ રીતે મારી જાતને કે હોડીને ભીની કરવામાં જરા પણ રસ નથી !' અને એ પણ આગળ ચાલી ગઈ. પાણી હવે કેડ સમાણું થઈ ગયું હતું. ત્યાં જ પ્રેમે ઉદાસીનતાની હોડીને પસાર થતી જોઈ. પ્રેમે બૂમ પાડી કે, 'અરે ! ઉદાસીનતા, મને તારી જોડે લઈ લે. મહેરબાની કરીને મને બચાવી લે.' પણ ઉદાસીનતા તો જડસુ હતી. એ કહે, 'માફી માગું છું તારી ઓ પ્રેમ ! હું એટલી બધી ઉદાસ છું કે તું મને એકલી જ રહેવા દે !' એ પણ જતી રહી. ત્યાંથી પસાર થઈ રહેલ આનંદ તો નાચગાનમાં એવો મશગૂલ હતો કે એણે પ્રેમને જોયો પણ નહીં અને એનો અવાજ પણ ન સાંભળ્યો !! પાણી ગળા સુધી આવી ગયું

**(અનુસંધાન પાના ૨૩ ઉપર)**

*મને સદ્‌ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,*
*ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.*
*- મનોજ ખંડેરિયા*

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કીર્તિકુમાર ખેતશી ધરમશી** (PS 4574) | હાઉસ નં. ૨૩૪/બી, મ્યુનિસિપલ કૉલોની, ચકરવા ગાર્ડન પાસે, ન્યુ અંજાર - ૩૭૦ ૧૧૦. |
| **લહેરચંદ હંસરાજ ખોના** (PS 858) | ૧૩૦૬, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **રાયચંદ વિશનજી લોડાયા** (PS 877) | ૭૦૩, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: લીના ૯૭૬૯૪ ૧૧૦૧૦ |
| **રાજેન લહેરચંદ લોડાયા** (PS 842) | ૧૧૦૬, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **કલ્પેશ હંસરાજ શાહ (ધરમશી)** (PS 2946) | જી-૨, ઓમ સ્વાગતમ કો.હા.સો., માનપાડા રોડ, ચૌવિહાર હાઉસ પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |
| **મુલચંદ મુલજી લાપસીયા** (PS 1201) | રૂમ નં. ૨, બિન્દાઈ નિવાસ, ગામદેવી ગ્રાઉન્ડની સામે, ગુપ્તે રોડ, ગામદેવી, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **નરેન્દ્ર હીરજી માલદે (ડાઘા)** (PS 3603) | રૂમ નં. ૯, ઈશ્વરકૃપા, ડૉન બૉસ્કો સ્કુલ પાસે, ઘનશ્યામ ગુપ્તે રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૯૮૩૩૮ ૦૮૨૫૯ |

## પ્રેમ, મહાન પ્રેમ !.... (અનુસંધાન પાના ૨૨ થી ચાલુ)

હતું. પોતે હવે સદાને માટે ડૂબી જશે એવો પ્રેમને ધ્રાસકો પડી ગયો. એ જોરથી રડવા માંડ્યો. ત્યાં જ એક ખૂબ જ પ્રેમાળ અવાજ આવ્યો : 'પ્રેમ ! રડ નહીં. ચાલ હું તને મારી હોડીમાં લઈ જાઉં !'

પ્રેમે પાછળ જોયું તો એક ખખડધજ વૃદ્ધ માણસ પોતાની હોડી લઈને ઊભો હતો. એણે પ્રેમનો હાથ પકડીને એને પોતાની હોડી પર લઈ લીધો. પ્રેમ એ વખતે બરાબર ડૂબવાની તૈયારીમાં જ હતો. અચાનક ઊગરી જવાથી પ્રેમ થોડી વાર તો હતપ્રભ થઈ ગયો. એ કંઈ બોલી જ ન શક્યો. પેલા વૃદ્ધે તેને કિનારે ઉતાર્યો તોપણ એ કંઈ જ ન બોલ્યો. બસ મૂંગા મૂંગા પેલા વૃદ્ધનો તેણે આભાર માન્યો. પેલો વૃદ્ધ માણસ તો પ્રેમને ઉતારીને પોતાના રસ્તે આગળ ચાલી ગયો. અચાનક પ્રેમને યાદ આવ્યું કે ડૂબી જવાની બીકમાં અને બચી જવાની ખુશીમાં પોતે પોતાને બચાવનાર વૃદ્ધનું નામ પૂછવાનું તો ભૂલી જ ગયો ! આટલો નાનકડો શિષ્ટાચાર પણ પોતે ન દાખવી શક્યો એનો એને પારાવાર અફસોસ થવા લાગ્યો. એ દોડતો દોડતો જ્ઞાનના ઘરે ગયો. બારણું ખખડાવ્યું. જ્ઞાન બહાર આવ્યું. પ્રેમે એને બધી વાત કરી, પછી એ વૃદ્ધ માણસ કોણ હોઈ શકે તે પૂછ્યું. જ્ઞાને પોતાની આંખો બંધ કરી. થોડી વારે આંખ ખોલીને જ્ઞાને કહ્યું, 'તને બચાવનાર સમય હતો !'

પ્રેમને નવાઈ લાગી. એનાથી પુછાઈ ગયું કે, 'હે જ્ઞાન ! જ્યારે કોઈ કરતાં કોઈ જ મને મદદ કરવા તૈયાર નહોતું ત્યારે ફક્ત સમયે જ મને શા માટે મદદ કરી ?' જ્ઞાને ગંભીરતાપૂર્વક અને સદીઓના અનુભવના નિચોડ જેવો જવાબ આપ્યો : 'કારણ કે ફક્ત સમય જ જાણે છે, સમજે છે અને સમજાવી શકે છે કે પ્રેમ કેટલો મહાન છે અને એનું મહત્વ શું છે !'

* * *


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

વિદ્યાર્થી મિત્રો ફરીપાછા પરીક્ષાની ઋતુ આવી છે. સમયસર તૈયારી કરી લેજો છેલ્લી ઘડીએ ખોટી ધમાલ ન થાય તેનું ખાસ ધ્યાન રાખજો. રીલેક્સ થઈને પરીક્ષા આપજો. અવશ્ય સારા પરિણામો મળશે. બેસ્ટ ઓફ લક ! – **ચિમન મોતા • તન-મન પરિવાર**

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

# ધર્મ સંદેશ-૧૦૨

રચયિતા : જયકાંત મોતા ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | ■ | ૩ | | ૪ | ૫ | ૬ |
| | ■ | ■ | | ■ | ■ | | ■ | ૭ | | |
| | ■ | ■ | ૮ | | | ■ | ૯ | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | | ■ | ■ | ૧૨ | | ૧૩ | | ■ |
| | ■ | | ■ | ૧૪ | | ■ | ■ | | ■ | ૧૫ |
| ■ | ૧૬ | | | ■ | ■ | ૧૭ | ■ | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ■ | ■ | ૨૦ | | | ૨૧ | | |
| | ■ | ૨૨ | | ■ | | ■ | ■ | | ■ | ■ |
| ■ | ૨૩ | | ■ | ૨૪ | | ૨૫ | ■ | | ■ | ૨૬ |
| ૨૭ | | ■ | ■ | | ■ | | ■ | ૨૮ | ૨૯ | |
| ■ | ૩૦ | | | | ■ | ૩૧ | | ■ | ૩૨ | |

**આડી ચાવીઓ -**

૧) આરતીમાં આવતુ એક મહારાજા નું નામ (૫)
૩) ગિરનારની યાત્રા આના દર્શન વગર અધુરી (૫)
૭) મહાવીર સ્વામીના ગણધર (૩)
૮) આ શ્રાવક સામાયિક માટે પ્રખ્યાત છે (૩)
૧૦) બદામ, કાજુ જેવા— નો ચાર્તુમાસ દરમ્યાન ત્યાગ (૨)
૧૧) આદ્રા બેસે એટલે આનો ત્યાગ (૨)
૧૨) આ અઠારીયું પણ હોય (૪)
૧૪) દાન કરવાયોગ્ય — સાત છે (૨)
૧૬) પર્યુષણ દરમ્યાન આ સુત્રનું પણ વાંચન થાય (૩)
૧૮) કમખાવ, — ખાવ (૨)
૧૯) ગતિ કેટલી ? (૨)
૨૦) નૃત્ય કરતાં કરતાં કેવળજ્ઞાન પામ્યા (૬)
૨૨) એક — ના પૈસા ભરી મંદિરના નિર્માણના ભાગીદાર બનો (૨)
૨૩) — પ્રભુ નલિયાના મૂળનાયક (૨)
૨૪) અહીંના ગોપીપુરા વિસ્તારમાં ઘણા જિનાલયો છે (૩)
૨૭) — બીજના ચંદ્રના દર્શન કરવાની પ્રથા છે (૨)
૨૮) કચ્છના આ ગામના મૂળનાયક ચંદ્રપ્રભુ છે (૩)
૩૦) અણસઠ અક્ષરનું પદ (૪)
૩૧) કાયાને કષ્ટ આપી કર્મોની નિર્જરા કરવી તે (૨)
૩૨) ઘણાની — માં પ્રભુભક્તિ વણેલી હોય છે (૨)

**ઊભી ચાવીઓ -**

૧) પૂજા દરમ્યાન ફુલો અર્પણ કરવાની વિધિ (૫)
૨) મહાવીર સ્વામીની નિર્વાણ ભૂમિ (૪)
૩) આ સોળ છે (૨)
૪) — વહુના દેરાસર કાવીમાં છે (૨)
૫) મહાવીર સ્વામીનું સંસારીક નામ (૪)
૬) પ્રભુની પ્રતિમા જુઓ ત્યાં શિશ — (૩)
૯) કર્મના સિક્કાની બે બાજુ — અને પુન્ય (૨)
૧૧) આ પૂજા ભગવાનને નવ અંગે થાય (૩)
૧૩) પ્રભુની પ્રતિમા — ની પણ હોય (૨)
૧૫) દર્શનનું એક ઉપકરણ (૩)
૧૬) શ્રવણ બેલગોડામાં દર — વર્ષે અભિષેક થાય (૨)
૧૭) સાધુ સાધ્વીગણ પોતાના — બનાવે (૨)
૧૮) — અણગમામાથી છુટવું એજ ધર્મ (૨)
૧૯) ધર્મ એજ મોક્ષની — (૨)
૨૦) આના ગઢ ઉપર શાંતિનાથનું જિનાલય આવેલ છે (૩)
૨૧) આ મુનિ સંવત્સરીના દિવસે ભોજન વાપરતા વાપરતા તરી ગયા (૪)
૨૨) અક દેવ (૨)
૨૩) — તલાવડીના દર્શન કરતાં કરતાં છગાઉની યાત્રા કરાય (૩)
૨૪) નવકારવાળી આ મણકાની શ્રેષ્ઠ(૩)
૨૫) શાંતિનાથજી સોળમા — તરે સંસાર (૩)
૨૬) ભગવાનની એક પૂજા (૩)
૨૯) આને કાબુમાં રાખવું અઘરું છે (૨)

**ઉકેલ : આડી ચાવીઓ -**

(૧) કુમારપાળ (૩) સહસાવન (૭) સુધર્મા (૮) પુણીયો (૧૦) માવો (૧૧) કેરી (૧૨) ઉપધાન (૧૪) ક્ષેત્રો (૧૬) બારસા (૧૮) ગમ (૧૯) ચાર (૨૦) ઇલાચીકુમાર (૨૨) ઇંટ (૨૩) ચંદ્ર (૨૪) સુરત (૨૭) સુદ (૨૮) ડુમરા (૩૦) નવકાર (૩૧) તપ (૩૨) નસ

**ઊભી ચાવીઓ -**

(૧) કુસુમાંજલી (૨) પાવાપુરી (૩) સતી (૪) સાસુ (૫) વર્ધમાન (૬) નમાવો (૯) પાપ (૧૧) કેસર (૧૩) ધાતુ (૧૫) ચામર (૧૬) બાર (૧૭) ચેલા (૧૮) ગમા (૧૯) ચાવી (૨૦) ઇડર (૨૧) કુરૂગડુ (૨૨) ઇંદ્ર (૨૩) ચંદન (૨૪) સુતર (૨૫) તરત (૨૬) બરાસ (૨૯) મન

## સમાચાર

સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કે.ડી.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા વિદેશ પ્રવાસ

શ્રી કે.ડી.ઓ. મંડળ દ્વારા આયોજીત દુબઈ તથા અબુધાબીના વિદેશ પ્રવાસમાં તા. ૧૫ ફેબ્રુઆરી થી ૨૧ ફેબ્રુઆરી જેમાં ૩૦ મેમ્બરો પ્રવાસમાં જોડાયા હતા. આ ટ્રીપ મંડળની પહેલી વિદેશ યાત્રા આયોજક આરેબીટ લેઈઝરના સથવારે યોજવામાં આવેલ. જેમાં બાળકોથી સીનીયર સીટીઝન સુધી દરેક એજ ગ્રુપવાળાએ જોડાયા હતા.

### કાંજુરમાર્ગ પ્રીમીયર લીગ ક્રિકેટ મેચ

અનંતનાથજી યુથ ફોરમ દ્વારા મુંબઈ સ્તરીય કલ્પતરૂ કપ ૨૦૧૭ અંડર આર્મ ૩૬૦ ડિગ્રી રાત-દિવસની ક્રિકેટ ટુર્નામેન્ટ રવિવાર, તા. ૯-૪-૨૦૧૭ના કાંજુરમાર્ગ ખાતે યોજાશે. ખેલાડીઓએ રૂા. ૨૦૦ ભરી તા. ૧૫-૩-૨૦૧૭ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ટીમના સ્પોન્સરર ઓકશન (બોલી) પધ્ધતિએ ટીમ પસંદ કરશે.

સ્પોન્સરશીપ - જાહેરાત - નોંધણી માટે સંપર્ક E-mail: **getgmv@gmail.com** તેમજ **Vipul Khona** - 9819936251 (President), **Gaurav Vikamshi** - 9833570563 (Vice-president), **Hemant Lodaya** - (Secretary) 9833808236, **Urvesh Chheda** - 9022023778 (Treasurer), **Nayan Momaya** - 9870374567 (Convener).

### હેતલબેનની મોટી દીક્ષા

કચ્છ સાંધવ મધ્યે દિક્ષાર્થી હેતલબેનનો દીક્ષા મહોત્સવ નવેમ્બરમાં ઉજવાયો. મોટી દીક્ષા પ.પૂ. સાધ્વીશ્રી હિતાર્થ ગુણાશ્રીજી મ.સા.ની દેઢીયા તિર્થ મધ્યે તા. ૧૪-૧૨ના પ.પૂ. ગણીવર્યશ્રી મહોદયસાગરજી મ.સા. તેમજ પ.પૂ. સાધ્વીશ્રીજી ભગવંતોની નિશ્રામાં થઈ ગામેગામથી ૪૦૦ જણની સંખ્યામાં સર્વે પધારેલ. સવારના નૌકરશી બપોરના સાધર્મિક ભક્તિનો સંપૂર્ણ લાભ સંઘવીશ્રી ભાગચંદ દામજી પરિવાર કોઠારાવાળાએ લીધેલ.

ટ્રસ્ટમાં જીવદયા તેમજ સાધારણ તેમજ વૈયાવચ્છમાં સારો એવો ફાળો થયેલ. દેઢિયા ટ્રસ્ટ તેમજ ચેતના ખોના, ભરત લોડાયા સારી એવી જહેમત ઉઠાવેલ છે.

### શ્રી કચ્છી મહિલા હિતવર્ધક મંડળ - હુબલી નવી કમિટી

શ્રી કચ્છી મહિલા હિતવર્ધક મંડળ-હુબલીની તાજેતરની મિટીંગમાં વિદાય લેતા પ્રમુખ શ્રીમતી દીપિકા કમલેશ ખોના અને માનદમંત્રી શ્રીમતી ચેતના શરદ મોમાયાની ટીમ પાસેથી પ્રમુખ શ્રીમતી લલીતાબેન હિરાચંદ અને માનદમંત્રી શ્રીમતી ખુશી ભાવેશ શાહની ટીમે કાર્યભાર સંભાળી લીધો છે.

નવી કારોબારી કમિટી : પ્રમુખ - લલીતાબેન હિરાચંદ દંડ, ઉપપ્રમુખ - હંસાબેન ભરત ધરમશી, માનદમંત્રી - રીટા કેતન મૈશેરી, સહમાનદ મંત્રી - બિંદી સચીન મૈશેરી, ખજાનચી - ખુશી ભાવેશ શહા, સહખજાનચી - ઉર્વશી બિનોય મોમાયા.

### શ્રી કચ્છી મહિલા હિતવર્ધક મંડળ - હુબલી

પાના નં. ૨૭ થી ચાલુ

અવારનવાર જ્ઞાતિના નિવૃતો વસતા હોય એવા જીવન સંધ્યામાં તથા અનાથાશ્રમોની મુલાકાત લઈ ત્યાંના લોકોને ફંડ તથા આવશ્યક વસ્તુઓ આપે છે. જ્ઞાતિની પ્રતિભાનું ઉચિત સન્માન એ મંડળની ખાસ ઉદ્દેશ્ય છે.

શ્રી કચ્છી મહિલા હિતવર્ધક મંડળ-હુબલીની ઉદ્દેશ્યપૂર્ણ પ્રવૃત્તિઓ કરવાની પરંપરાને ધ્યાનમાં રાખીને શ્રી દક્ષિણ ભારત એકમના મહિલા મંચને ઉદ્દેશ્યપૂર્ણ પ્રવૃતિથી ચેતનવંતુ રાખવાની જવાબદારી મંડળને સોપવામાં આવી તે મોટા ગર્વની વાત છે. આ નિમિત્તે મંડળે યોજેલ રસોઈ કે મહારાની વેલેન્ટાઈન કપલ ફ્રેમ બનાવવાની સ્પર્ધા તથા મહત્વની અને કાટસણુ બનાવવાની સ્પર્ધાને સમગ્ર દક્ષિણ ભારતમાં સારો પ્રતિસાદ મળ્યો હતો.

મંડળની નારી દિનની ઉજવણીની દર વર્ષે સ્ત્રી સશક્તિકરણના શ્રેષ્ઠ દૃષ્ટાંત સમ હોય છે. એક વર્ષે મંડળનો બહેનોએ જ્ઞાતિની ઈતિહાસ પ્રસિધ્ધ નારીઓની ભૂમિકા ભજવી ગૌરવશીલ ભૂતકાળને તાદશ્ય કર્યો હતો. એક વખત સ્વરક્ષણની તાલીમનો કાર્યક્રમ રખાયો હતો.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૧-૧૬ | ઘાટકોપર | ધૈર્ય, મિતલ મૌલિન હરીશ મોમાયા | વરાડીયા | પુત્ર |
| ૦૪-૦૨-૧૭ | મુલુંડ | અયાંશ, પૂજા અંકીત મલીક જૈન (લોડાયા) | મંજલ રેલડીયા | પુત્ર |
| ૦૭-૦૨-૧૭ | ભાંડુપ | કાયરા, મિતેશ લક્ષ્મીચંદ દંડ | સાંધવ | પુત્રી |
| ૦૧-૦૩-૧૭ | થાણા | નીવ, દક્ષા નોહિલ નીતિન મોતા | કોઠારા | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૨-૧૭ | - | કરણ દીપક માણેકજી લોડાયા | સાંયરા | ૨૫ |
| | હૈદ્રાબાદ | જુહી સંજયકુમાર કાન્તીલાલ મોતા | તેરા | ૨૪ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૧-૧૭ | રાજકોટ | મીત અરૂણભાઈ દવે | રાજકોટ | ૨૭ |
| | વાપી | ઋતુ ભાસ્કર ભવાનજી અજાણી | કોઠારા | ૨૬ |
| ૦૨-૦૩-૧૭ | મુલુંડ | મુકેશ હરીરામ જયરામ ઠક્કર (અનામ) | ગોએલા મુખડા | ૨૭ |
| | મુલુંડ | જીનાલ શૈલેષ જેઠાલાલ નાગડા (શાહ) | વારાપધર | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૧૨-૧૬ | ડોમ્બીવલી | નેવિલ વર્ધમાન રતનશી લોડાયા | સાંધવ | ૨૯ |
| | સેંધવા | પ્રીતિ ગુલાબ ડુંગરશી ખોના | નલીયા | ૨૬ |
| ૨૪-૦૧-૧૭ | ગોરેગામ | મીતેશ ચેતન ચંદુલાલ વોરા | રંગપુર | ૨૮ |
| | થાણા | છાયા દેવેન્દ્ર હીરજી માલદે | દલતુંગી | ૨૭ |
| ૦૬-૦૨-૧૭ | ચેમ્બુર | સની દિનેશ જેઠાભાઈ લોડાયા | અરીખાણા | ૨૫ |
| | રાયચુર | દર્શના રાજેન્દ્ર ઉમરશી લાપસીયા | સાંયરા | ૨૪ |
| ૧૪-૦૨-૧૭ | ઘાટકોપર | પ્રતિક જગદીશ ધરમશી | સુથરી | - |
| | મુલુંડ | ઉર્વિ જયેશ દામજી દંડ | મંજલ રેલડીયા | - |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૨-૧૬ | વરસોવા | ધીરમ શાંતિલાલ શીવલાલ શાહ | માંડવી | ૩૨ |
| | અંકલેશ્વર | દેશમા કમલેશ માણેકજી દંડ | તેરા | ૩૦ |
| ૨૪-૦૨-૧૭ | નાગપુર | જતીન વર્ધમાન નરપાલ મોતા (પટેલ) | તેરા | ૨૯ |
| | યવતમલ | તેજલ નરેન્દ્ર ચેનકમલ સંકલેચા | યવતમલ | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૨-૧૭ | ડોમ્બીવલી | શાંતિલાલ રતનશી મોમાયા | નલીયા | ૭૮ |
| ૨૬-૦૨-૧૭ | ડોમ્બીવલી | રતિલાલ કુંવરજી લોડાયા (પટેલ) | બાંઢીયા | ૭૦ |
| ૨૬-૦૨-૧૭ | અમલનેર | મણીબેન ઉમરશી ચાંપશી લોડાયા | જખૌ | - |
| ૨૭-૦૨-૧૭ | દેવલાલી | નવીનચંદ્ર વીશનજી નાગડા | નલીયા | ૬૯ |
| ૨૭-૦૨-૧૭ | ડોમ્બીવલી | રતનબેન ખુશાલ મોમાયા | સાંયરા | ૫૩ |
| ૦૧-૦૩-૧૭ | ઘાટકોપર | ભાવના કલ્પેશ ધરમશી | જખૌ | ૪૪ |
| ૦૧-૦૩-૧૭ | મસ્જીદ | મણીકાંત ચત્રભોજ લોડાયા | વારાપધર | ૮૧ |
| ૦૧-૦૩-૧૭ | ભાંડુપ | જવેરચંદ મુરજી દંડ | સાંધવ | ૭૦ |

## શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ





## શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી આયોજીત બાળકોનું ભણતર - વિકાસ તથા ડિપ્રેશન અને એકલપણા માટે સેમિનાર





## સતત પ્રવૃતિશીલ આદર્શ મહિલા સંસ્થા શ્રી કચ્છી મહિલા હિતવર્ધક મંડળ - હુબલી



શ્રી કચ્છી મહિલા હિતવર્ધક મંડળ-હુબલી સતત પ્રવૃતિશીલ આદર્શ મહિલા સંસ્થા છે. તે દરવર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ, ફાગણી તેરસ, અષાઢી બીજ, શરદ પૂર્ણિમા, બાળદિન, મકરસંક્રાંતિ, વેલેન્ટાઈન ડે, ક્રિસમસ ઉજવે છે. તે પર્યુષણ નિમિત્તે તપસ્વી સન્માન યોજે છે. વખતો વખત દેરાસરજીના સુશોભનની તથા અન્ય ધાર્મિક જવાબદારીઓ સંભાળે છે. નિયમિત અંતરે સારા મા-બાપ-વાલી બનવા અંગે માર્ગદર્શન કાર્યક્રમ ગોઠવે છે. આરોગ્ય શિબિરો પર પણ ખાસ ધ્યાન આપે છે.

અનુસંધાન સમાચાર વિભાગમાં


શ્રીમતી દિપિકા કમલેશ ખોના
પ્રમુખ


શ્રીમતી હીતલ હીરેન છેડા
ઉપપ્રમુખ


શ્રીમતી ચેતના શરદ મોમાયા
સેક્રેટરી


શ્રીમતી ચેતના નરેન્દ્ર મોમાયા
સહ સેક્રેટરી


શ્રીમતી મધુ મણીકાંત લોડાયા
ખજાનચી


શ્રીમતી ઉષા મુલચંદ ખોના
સહ ખજાનચી

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (06-03-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

**જખૌ મહાજન તથા ટ્રસ્ટમાં સેવા કરવા માટે ઉમેદવારી નોંધાવેલ છે**

**ચૂંટણી તા. ૨૬-૦૩-૨૦૧૭**

સ્થળ : અનંતસિધ્ધી, ભાંડુપ • સમય : સવારે ૯ થી ૫



## રાયચંદ દેવશી મુનવર (જીવાણી)

ઉમર : ૬૦ વર્ષ, હાલ વસવાટ : ડોંબિવલી

વ્યવસાય : કામગાર કાયદાના સલાહકાર

- પ્રમુખ : કે.ડી.ઓ. મંડળ ડોંબિવલી
- કારોબારી સભ્ય : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
- ભુતપૂર્વ પ્રમુખ : માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ
- કારોબારી સભ્ય : ઓલ ઈંડીયા ઈન્ડસ્ટ્રીયલ લેબર લો પ્રોફેશનલ અસોશીએશન
- કો-ઑડીનેટર : થાણા અને રાયગઢ જિલ્લા
- કારોબારી સભ્ય : કે.ડી.ઓ. ડિગ્નિટી કલબ ઑફ સિનીયર સિટીઝન મુંબઈ

જખૌ વાસીઓ ! જખૌના ગૌરવને સાકાર કરવા આપ આપનો અમુલ્ય મત આપી, મને ચૂંટણીમાં વિજય અપાવી ટ્રસ્ટ તથા મહાજન દ્વારા સેવા કરવાની તક જરૂર આપશો.

## ઑલ ઈન્ડિયા CSની પરીક્ષામાં ક.દ.ઓ. ફેમી પ્રફુલ નાગડા (જૈન), ચેમ્બુર-જખૌ મુંબઈમાં નંબર વન, દેશમાં પંદરમાં નંબરે



ફેમી પ્રફુલ નાગડા CSનાં ત્રણ લેવલ પાર કરીને ભારતમાં પંદરમી રેન્ક તેમ જ મુંબઈના મેરિટ લિસ્ટમાં પ્રથમ ક્રમાંક મેળવીને ક.દ.ઓ. જૈન જ્ઞાતિ તેમજ કચ્છી તથા ગુજરાતીઓનું ગૌરવ વધાર્યું છે.

અનુસંધાન પાના નં. ૬ પર

# 3D PRINTING








A leading **3D Printing** Company from our **Community** at Sion who is doing projects and has done projects for Tatas, BARC, leading Architects and Doctors needs boys / girls from our **Community** who are interested in learning 3D printing and also earning stipend upto Rs.10,000/- per month.

Interested person should email to **hr@meltingmints.in**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,